Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૩ મું.] જ્યેષ્ઠ. સંવત ૧૯૭૩. વીર સંવત ૨૪૪૩. [અંક ૩ જો.

## काल–महिमा.

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ લય. )

અહો આ તો કળિયુગની બલિહારી,
નથી (તેમાં) દૈવનો દોષ લગારી—અહો૦
અંતરથી અવલોકન કરતાં, વિપરીત ભાસે ભારી;
કુલીન જનો પણ કુટિલ થયા જ્યાં, કુળ ને ધર્મ વિસારી— અહો૦ ૧
શેઠ બન્યા સ્વારથના બેલી, કરૂણા-વેલ વિદારી;
દાસ બિચારા જતન સુકાવે, તોયે ન કદર થનારી— અહો૦ ૨
કાન્તા કુલીન સંગત તજીને, ચાલે તન શણગારી;
પતિ-ભક્તિનો પાઠ ન જાણે, કંથને કષ્ટ દેનારી— અહો૦ ૩
વનિતા-વેણે વ્હાલી જનેતા, સુતને લાગે અકારી;
વિનય-વિવેક ન લેશ સાચવે, સેવા લાગે ખારી— અહો૦ ૪
પુત્ર પિતા પર હુકમ ચલાવે, માને નિજ હુશિયારી;
ઉપકારો અંતર નવ સમજે, એવા તનુજ હજારી— અહો૦ ૫
સાસુ સતાવે પુત્રવધૂને, મારે વચનનો મારી;
સ્વજન-પ્રેમનું નામ રહ્યું ના, ઘર ઘર કલહ-પ્રકારી— અહો૦ ૬
કળિયુગની કથની શી કરવી, સહુની થઈ છે ખુવારી;
આંખ ઉઘાડી નજર કરો ઝટ, બાજી લ્યોને સુધારી— અહો૦ ૭

રત્નસિંહ—દુમરાકર.

For Private And Personal Use Only

# जीवोपदेश—कवित.

( મનહર–છંદ. )

ખાવા પીવા ખેલવામાં મસ્તાન થઈને ફરે, પલંગમાં પડ્યા રહી તંબોળ તું ચાવે છે,
મોટા મોટા ભોગના આનંદમાંહી લાગી રહ્યો, વધુ વધુ લેવા માટે મોહ તું લગાવે છે;
પાપ પુણ્યનો વિચાર મનમાં જરાય નથી, વૈભવમાં રાચી અભિમાન શું ધરાવે છે,
સુર ઇંદુ કહે અરે નયન ઉઘાડ જરી, જરા આવી ગઇ તોય નિંદ કેમ આવે છે. ૧
મારૂં મારૂં માનીને મોટાઇ લઇ બેઠો મૂર્ખ, દીન લોક જોઈ તેને હાથથી દબાવે છે,
વૈભવ દોલત ને સંપત્ત તે સમાઇ જાય, ચંચળ આ દેહ તેને અચળ ઠરાવે છે;
આવ્યો છું આંહી તું કેમ આગળ થશે શું તારૂં, વિનય વિવેક લાજ મોહ વિસરાવે છે;
નરે તન હીરો હાથમાંહીથી હરાઇ જાય, જરા આવી ગઈ તોય નિંદ કેમ આવે છે. ૨
સંસારના સુખ માટે ધાંધલ મચાવી રહ્યો, આશામાંહી આમ તેમ ફાંફાં ગોથાં ખાય છે,
અન્યની પીડાને તારા પિંડ સાથે મેળવીજો, ખબર પડે કે તેમાં કષ્ટ કેવું થાય છે;
પેટ માટે પ્રાણાન્ત સુધી તું પ્રપંચ કરે, કમાણીને માટે બુદ્ધિ તારી ફરી જાય છે,
પણ ભવ અરણ્યમાં ભટકવું પડે ભાઇ, સુર ઇંદુ કહે આડે પંથે કેમ ધાય છે. ૩
ધર્મ કર્મમાંહી ધ્યાન રાખ તું વિશેષ ભાઈ, શમ દમ દયા દાન દોષને દબાવે છે,
નદી નાવ જેવો આ મેળાપ થયો જગત્માં, સંપ સરસાઈ હોય તેજ સાથે આવે છે;
ભાઇ ભૂલ કરે કેમ ચિત્તમાં વિચાર કર, મનુષ્ય શરીર ગયું પાછું કોણ લાવે છે,
સુર ઇંદુ કહે હવે થોડી ઘણી રાત રહી, પ્રભુને વિસારી કહ નિંદ કેમ આવે છે. ૪

**અમીચંદ કરસનજી શેઠ.**
સ્કુલ માસ્તર રવની—જુનાગઢ.

---

* * * * *

જ્ઞાન પામવાની સાથે ચરિત્ર વિશુદ્ધ કરવાનો પ્રયત્ન કરશો. જેનું ચરિત્ર સારૂં નથી તેની અતિ સુક્ષ્મ અને ઉંચી બુદ્ધિ પણ કાંઇ કામની નથી, ધર્મની સાથે રહેવાથી જ વિદ્યામાં શોભા અને સૌંદર્ય દેખાય છે. ધર્મના દાસ થવામાં જ જ્ઞાનનું ગૌરવ છે, મનની સર્વ કુપ્રવૃત્તિયો સંયમમાં રાખી પાપી વિચાર, પાપી વચન, અને પાપી કર્મોથી દૂર રહેવું, જુદી જુદી જાતના સદુપયોગ ગ્રહણ કરી સાધુ–ગુણ સંપન્ન અને સદાચારી થવું, મન–વચન અને કર્મ એ સર્વને વિશુદ્ધ કરવાનો પ્રયત્ન કરવો, સમાહિત અને શાંત ચિત્ત થવું, તેમજ સંયતેન્દ્રિય થવું, સંસારના દુઃખ કે વિપદમાં મનને ચલાયમાન કે દિલગીર થવા દેવું નહિ....આવી રીતે મનને સંયમમાં રાખી દુઃખ અને પાપથી તમારૂં પોતાનું યત્નપૂર્વક સર્વદા રક્ષણ કરશો.

**શ્રી કેશવચંદ્ર સેનના સદુપદેશમાંથી )**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશમરતિ પ્રકરણ,

## અર્થ વિવેચન યુક્ત.

( લેખક–સન્મિત્ર કર્પૂરવિજયજી. )

( અનુસંધાન પૃષ્ટ ૪૧ થી )

જીવ અને અજીવ તત્ત્વનું નિરૂપણ કર્યા પછી હવે પુણ્ય પાપ–એ બે પદાર્થને ઓળખવા માટે શાસ્ત્રકાર કહે છે.

पुद्गलकर्म शुभं यत्तत्पुण्यमिति जिनशासने दृष्टम् ।
यदशुभमथ तत्पापमिति भवति सर्वज्ञनिर्दिष्टम् ॥ २१९ ॥

**ભાવાર્થ**—જે શુભ એવાં કર્મનાં પુદ્ગલ તે **પુન્ય** અને અશુભ એવાં કર્મનાં પુદ્ગલ તે **પાપ** એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. ૨૧૯.

**વિવેચન**—આઠ કર્મની ઉદયમાં ૧૨૨ ઉત્તર પ્રકૃતિઓ હોય છે. તેમાં વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ એ ચાર નામકર્મની પ્રકૃતિઓ શુભ અશુભ બંને પ્રકારની હોવાથી ૧૨૬ પ્રકૃતિ ઉદયમાં થાય છે. તેમાં ઉચ્ચ ગોત્ર, સાતાવેદની, મનુષ્યની ગતિ ઇત્યાદિ ૪૨ પ્રકૃતિઓ જે શુભ છે તે **પુણ્ય** નામથી ઓળખાય છે. અર્થાત્ ફળરૂપે પ્રદર્શિત થતી એ ૪૨ પુણ્યપ્રકૃતિ કહેવાય છે. અને પાંચ જ્ઞાનાવરણી, નવ દર્શનાવરણી, પાંચ અંતરાય, મિથ્યાત્વ, ૨૫ કષાય વિગેરે ૮૨ પાપ પ્રકૃતિઓ કહેવાય છે. તે આત્માને અશુભ ફળ આપે છે. આ પ્રકૃતિઓનું વિશેષ સ્વરૂપ ખાસ જાણવા યોગ્ય છે. અહીં સ્થળસંકોચના કારણથી તે બતાવેલ નથી. તેના અર્થીએ કર્મગ્રંથ, નવતત્ત્વાદિમાંથી જોઇ લેવું.

આ શ્લોકમાં બે શબ્દ ધ્યાન ખેંચવા લાયક છે. એક તો **जिनशासने दृष्टम्** એ શબ્દ કહેલ છે. તેથી એ સમજવાનું છે કે આ પુણ્ય પાપ અથવા શુભાશુભ પ્રકૃતિઓનું સ્વરૂપ જિનશાસનમાં જ કહેલું છે. અન્ય કોઇ પણ દર્શનમાં કર્મપ્રકૃતિઓનું આવું યથાર્થ અને વિસ્તૃત સ્વરૂપ કહેલું નથી. બીજો શબ્દ **सर्वज्ञनिर्दिष्टम्** કહેલ છે. એ શબ્દ ઉપરથી સમજવાનું એ છે કે આ સ્વરૂપ સર્વજ્ઞનું કહેલું છે. છદ્મસ્થનું–અલ્પમતિનું કહેલું નથી. વળી તેમાં બીજું એ પણ રહસ્ય રહેલું છે કે આ આગમગ્રાહ્ય પદાર્થ છે, માત્ર બુદ્ધિગ્રાહ્ય નથી. સર્વજ્ઞકથિત હોવાથી તેને તથાપ્રકારે સદ્દહવો એ સમકિતી જીવોનું લક્ષણ છે. ૨૧૯.

હવે એ પુણ્ય પાપના કારણભૂત આશ્રવ તત્ત્વ છે તેનું તથા તે આશ્રવને રોકનાર સંવરતત્ત્વનું સ્વરૂપ શાસ્ત્રકાર કહે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



योगः शुद्धः पुण्याश्रवस्तु पापस्य तद्विपर्यासः ।
वाक्कायमनोगुप्तिर्निराश्रवः संवरस्तूक्तः ॥ २२० ॥

ભાવાર્થ—શુદ્ધ એવા મન વચન કાયાના યોગ ( વ્યાપાર ) તે પુન્યાશ્રવ, તેથી વિપરીત તે **પાપાશ્રવ** અને મન વચન કાયાની ગુપ્તિ તે નિરાશ્રવ એવો સંવર કહ્યો છે. ૨૨૦

**વિવેચન**—મન વચન કાયાના જે યોગ તેનો આગમપૂર્વક જે વ્યાપાર તે **પુણ્યાશ્રવ** છે, અને સ્વેચ્છાપૂર્વક જે વ્યાપાર તે **પાપાશ્રવ** છે. એમ કહેવાનું તાત્પર્ય એ છે કે-ઇંદ્રિય, કષાય, અવ્રત અને યોગ એ રીતે આશ્રવના મુખ્ય ૪ ભેદ છે, અને તેના ઉત્તર ભેદ ૧૭ થાય છે. તેમાં ૨૫ ક્રિયા ભેળવતાં ૪૨ ભેદ થાય છે. પરંતુ એ સર્વમાં મુખ્યતા યોગની છે. યોગની સાથે કષાયાદિ ભળવાથી પ્રાણી શુભાશુભ કર્મ બાંધે છે; એટલે મન વચન કાયાના યોગનો આગમ કથનપૂર્વક વ્યાપાર અર્થાત્ જે રીતે આગમોમાં કર્ત્તવ્યાકર્ત્તવ્ય બતાવેલું છે તે પ્રમાણે સમજીને કર્ત્તવ્ય આચરવું અને અકર્ત્તવ્ય તજવું તેથી પુણ્યાશ્રવ થાય છે. અર્થાત્ પુણ્ય પ્રકૃતિ–શુભ પ્રકૃતિ બંધાય છે. અને સ્વેચ્છાપૂર્વક મન વચન કાયાનો જે વ્યાપાર એટલે પૌદ્ગળિક ભાવમાં રાચવું માચવું, કર્ત્તવ્ય ન કરવું અને અકર્ત્તવ્ય કરવું તેથી પાપાશ્રવ થાય છે. અર્થાત્ પાપ પ્રકૃતિ–અશુભ પ્રકૃતિ બંધાય છે. અહીં શુભ યા અશુભ કર્મનું આવવું તેને આશ્રવ કહેલ છે. આત્માની સાથે તે કર્મપુદ્ગલોનું જે બદ્ધ થવું તેનો બંધ તરીકે બંધતત્ત્વમાં વ્યપદેશ કરેલો છે. શુભ કે અશુભ કોઇ પણ પ્રકારના કર્મ બાંધવા તેથી જીવ સંસારમાં ભમે છે–છુટી શકતો નથી તેથી આશ્રવતત્ત્વના બે ભેદ છતાં તેને હેય જ ગણેલ છે.

આ શ્લોકના પૂર્વાર્ધમાં આશ્રવતત્ત્વનું નિરૂપણ કરીને ઉત્તરાર્ધમાં સંવર તત્ત્વ ટુંકામાં સમજાવેલ છે. શાસ્ત્રકાર મન, વચન અને કાયાની ગુપ્તિ–તેને ગોપવવા–પોતાને વશ કરવા–યથેચ્છ પ્રવર્તવા ન દેવા, તેને નિરાશ્રવ અથવા **સંવર** કહે છે. આ સંવર આશ્રવના દ્વારનો રોધ કરનાર છે. તેના સમિતિ, ગુપ્તિ, પરિસહ, યતિધર્મ, ભાવના ને ચારિત્ર એવા મુખ્ય ૬ ભેદ છે અને તેના ઉત્તર ભેદ ૫૭ થાય છે. સમિતિ ગુપ્તિ પુરઃસર મન વચન કાયાની જે પ્રવૃત્તિ તે સંવર છે. સંવરના બીજા પણ અનેક ભેદો છે. આશ્રવ ને સંવર તત્ત્વનું વિશેષ સ્વરૂપ જાણવાના ઇચ્છકે નવતત્ત્વાદિ પ્રકરણોનું જ્ઞાન મેળવવું. ૧૨૦

હવે નિર્જરા, બંધ ને મોક્ષ–એ ત્રણ તત્ત્વનું સ્વરૂપ કહે છે—

संवृततपउपधानात्तु निर्जरा कर्मसन्ततिर्बन्धः ।
बन्धवियोगो मोक्षस्त्विति संक्षेपान्नवपदार्थाः ॥ २२१ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—સંવરયુક્ત જીવને તપ ઉપધાનથકી નિર્જરા થાય છે. કર્મની સંતતિ તે બંધ, અને બંધનો વિયોગ ( સર્વથા અભાવ ) તે મોક્ષ. એ રીતે સંક્ષેપથી નવ પદાર્થો કહ્યા. ૨૨૧.

વિવેચન—જેણે આશ્રવના દ્વાર સંવરવડે રોકી દીધા છે એવા જીવનો યથાશક્તિ તપમાં પ્રવેશ થતાં અપૂર્વ ( નવાં ) કર્મનો પ્રવેશ રોકાય છે અને પૂર્વોપાર્જિત કર્મની નિર્જરા એટલે ક્ષય થાય છે. તે તપનું બીજું નામ ઉપધાન પણ છે. માથાની નીચે રાખેલું ઉપધાન–ઓશીકું જેમ મસ્તકને અથવા શરીરને સુખના કારણભૂત થાય છે તેમ તપ પણ પ્રાણીને સુખના હેતુભૂત હોવાથી ઉપધાન કહેવાય છે. તે તપ ૧૨ પ્રકારે છે. છ પ્રકારે બાહ્ય તપ છે અને છ પ્રકારે અભ્યંતર તપ છે. બાહ્ય તપ કરતાં અભ્યંતર તપ અનેક ગુણ ફળદાયક છે. પૂર્વ કર્મને નિર્જરવામાં તપજ અપૂર્વ નિમિત્ત છે. તપ સિવાય પૂર્વ કર્મ નિર્જરી શકાતા નથી. કર્મનું નિર્જરવું એટલે જીવને વિપાક આપ્યા સિવાય પ્રદેશોદયવડે આત્માથી તેનું છુટું પડી જવું. આ તપ નિકાચીત કર્મોને પણ બાળીને ભસ્મ કરી દે છે. તપ શબ્દમાત્રથી ઉપવાસાદિ અનશન તપ તરફ જ માણસની દૃષ્ટિ ખેંચાય છે, તેનેજ તપ તરિકે ઓળખે છે, પરંતુ તપના બારે પ્રકાર તરફ દૃષ્ટિ કરવી. અભ્યંતર તપમાં વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન વિગેરેને તપ તરિકે જ ગણેલ છે. તે તપ મહા લાભકારક છે અને તેનાવડેજ અનંત ભવોનાં પૂર્વબદ્ધ કર્મ નિર્જરી શકે છે. માત્ર બાહ્ય તપની કે અજ્ઞાનકષ્ટની તેવી શક્તિ છે જ નહીં. અજ્ઞાનકષ્ટથી તો માત્ર પૌદ્ગળિક સુખ પ્રાપ્ત થાય છે કે જે પુનઃ પુનઃ પ્રાણીને સંસારમાં પરિભ્રમણ કરાવે છે.

હવે બંધતત્ત્વ સમજાવે છે. કર્મની સંતતિ–જ્ઞાનાવરણાદિ કર્મોનો અવિચ્છેદ તે બંધ કહેવાય છે. કારણકે પૂર્વકર્મના ઉદયવડે જ પ્રાણી નવાં કર્મ બાંધે છે અને તે ઉદયમાં આવતાં સુધી સત્તાપણે રહે છે. પૂર્વકર્મ સિવાય નવાં કર્મ બંધાતાં નથી. બંધના ચાર પ્રકાર કહેલા છે. ૧ પ્રકૃતિ બંધ, ૨ સ્થિતિ બંધ, ૩ અનુભાગ બંધ, અને ૪ પ્રદેશ બંધ. આ ચારેનો પ્રદેશબંધમાં સમાવેશ થઈ જાય છે. કારણ કે બંધાયેલ કર્મોના પ્રદેશોનો સ્વભાવ, તેની સ્થિતિ અને તેનો રસ તે પ્રદેશમાંજ રહેલ છે. બીજી રીતે પ્રકૃતિબંધમાં પણ બીજા ત્રણ પ્રકારના બંધનો સમાવેશ કરવામાં આવેલો છે. આ ચારે પ્રકારના બંધનું સ્વરૂપ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહાદિકથી જાણવા યોગ્ય છે. બંધનું યથાર્થ સ્વરૂપ સમજ્યા પછી તેને અટકાવવાનો ઉપાય ઠીક થઇ શકે છે. જેમ વ્યાધિનું યથાર્થ નિદાન થયા પછી ચિકિત્સા બરાબર થઈ શકે છે તેમ.

સમગ્ર પ્રકારે કર્મોનો જે આત્યંતિક ક્ષય–વિયોગ તે મોક્ષ કહેવાય છે. મોક્ષ તે કાંઇ જુદી વસ્તુ નથી. અનાદિ કાળથી કર્મોવડે બંધાયેલા જીવોનું જે તદન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મરહિત થઇ જવું-કર્મોનો એવો આત્યંતિક વિયોગ થવો કે જે ફરીને બંધાયજ નહીં તેનું નામ મોક્ષ. એવી કર્મવિરહ દશા થતાં શુદ્ધ નિર્મળ થયેલ આત્મા લોકાગ્રે જઇને રહે છે. પ્રસંગોપાત મોક્ષ ( સિદ્ધિ ) સ્થાનનું વર્ણન મોક્ષદ્વારમાં કરવામાં આવે છે, તેમજ સિદ્ધના ભેદ તેમજ તેની સંતપદાદિ નવ દ્વારવડે પ્રરૂપણા કરવામાં આવે છે તે નવતત્ત્વ પ્રકરણાદિકથી જાણી લેવી. બાકી મોક્ષ તત્ત્વનો અર્થ તો ટુંકામાં ઉપર જણાવ્યો છે તેજ સમજવો.

આ પ્રમાણે કર્ત્તા કહે છે કે-સંક્ષેપથી નવ પદાર્થો કહ્યા. ૨૨૧

**ઇતિ નવતત્ત્વ સ્વરૂપમ.**

હવે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિનું સ્વરૂપ કહેવાના પ્રારંભમાં પ્રથમ **સમ્યગ્દર્શનનું** સ્વરૂપ કહે છે.

**एतेष्वध्यवसायो यो ऽर्थेषु विनिश्चयेन तत्त्वमिति ।**
**सम्यग्दर्शनमेतत्तु तन्निसर्गादधिगमाद्वा ॥ २२२ ॥**
**शिक्षागमोपदेशश्रवणान्येकार्थिकान्यधिगमस्य ।**
**एकार्थः परिणामो भवति निसर्गः स्वभावश्च ॥ २२३ ॥**

**ભાવાર્થ**—આ નવ પદાર્થોને વિષે વિશેષે કરીને નિશ્ચયપૂર્વક ' આ જ તત્ત્વ ' એવો જે અધ્યવસાય તે **સમ્યગ્દર્શન**, અને એ સમ્યગ્દર્શન સ્વભાવથી અથવા ગુરૂઉપદેશથી થઇ શકે છે. શિક્ષા, આગમોપદેશ અને શાસ્ત્રશ્રવણ એ ગુરૂઉપદેશના એકાર્થવાચક છે, તેમજ પરિણામ, નિસર્ગ અને સ્વભાવ એ પણ એકાર્થવાચક છે. ૨૨૨-૨૨૩.

**વિવેચન**—ઉપર કહી ગયેલા જીવાદિ નવ પદાર્થોને વિષે જે નિશ્ચય-અર્થાત્ તે યથાર્થ છે—તથ્ય છે—સત્ય છે એવા નિર્ણયવાળો અધ્યવસાય તે સમ્યગ્દર્શન કહેવાય છે. તેમાં પારકી દાક્ષિણ્યતા કે અનુવૃત્તિ ન હોવી જોઇએ-આત્માનાજ શુદ્ધ અધ્યવસાય એવા હોવા જોઇએ. તે સમ્યગ્દર્શન બે પ્રકારે પ્રાપ્ત થાય છે. નિસર્ગથી ને અધિગમથી. નિસર્ગથી એટલે સ્વભાવથી તે સંસારમાં પરિભ્રમણ કરતા જીવને અનાભોગે કર્મનો ક્ષય થવાથી અર્થાત્ કર્મ ઓછા થવાથી-યથાપ્રવૃત્તિ કરણવડે કર્મોની સ્થિતિ ઘટવાથી ગ્રંથીદેશને પામીને અપૂર્વ કરણના લાભવડે તે ગ્રંથીનો ભેદ કરીને અર્થાત્ અતિ નિવિડ એવી જે રાગદ્વેષની પરિણતિ તેને નિવારીને અનિવૃત્તિ કરણ પામવાથી એટલે શુભ પરિણામની અનિવૃત્તિ-સ્થિરતા થવાથી પ્રાણી સ્વભાવે જ સમકિત પામે છે તેને **નિસર્ગ સમકિત** કહે છે, તેનું લક્ષણ-ચિન્હ તત્ત્વાર્થશ્રદ્ધાન છે. જે ભગવંતની પ્રતિમાના દેખવાથી અથવા

For Private And Personal Use Only

સાધુ મુનિરાજના દર્શન માત્રથી પૂર્વોક્ત પ્રકારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ને નિસર્ગ સમકિત કહેવાય છે. શુભ પરિણામ, નિસર્ગ ને સ્વભાવ એ ત્રણે શબ્દો એકજ અર્થના વાચક છે.

હવે જે ગુરૂમહારાજ વિગેરેના ઉપદેશથી શુભ પરિણામ ઉત્પન્ન થાય છે અને તેથી ગ્રંથીભેદ થતાં સમકિત પ્રાપ્ત થાય છે તે અધિગમ સમકિત કહેવાય છે. શુભ પરિણામની તો બંનેમાં તુલ્યતા છે, માત્ર કારણ પરત્વે જ ભેદ છે. શિક્ષા, આગમોપદેશ ને શાસ્ત્રશ્રવણ એ ત્રણે અધિગમના વાચક જ છે.

સમ્યગ્દર્શન તે આત્મસ્વરૂપનું વાસ્તવિક દેખવું, તે તત્ત્વાર્થશ્રદ્ધાનવડે જ થાય છે. એટલે સમ્યગ્દર્શન ને સમકિત એક જ વસ્તુ છે. ૨૨૨-૨૨૩.

હવે આ પ્રકારે પ્રાપ્ત થતા સમકિતની અપ્રાપ્તિ તેમજ તેનાથી વિપર્યય ભાવ તે મિથ્યાત્વ છે એમ કહે છે અને જ્ઞાનના ભેદ સમજાવે છે.

एतत्सम्यग्दर्शनमनधिगमविपर्ययौ तु[1] मिथ्यात्वम् ।
ज्ञानमथ पञ्चभेदं तत्प्रत्यक्षं परोक्षं च ॥ २२४ ॥
तत्र परोक्षं द्विविधं श्रुतमाभिनिबोधिकं च विज्ञेयम् ।
प्रत्यक्षं त्ववधिमनःपर्यायौ केवलं चेति ॥ २२५ ॥
एषामुत्तरभेदविषयादिभिर्भवति विस्तराधिगमः ।
एकादीन्येकस्मिन् भाज्यानि त्वाचतुर्भ्य इति ॥ २२६ ॥
सम्यग्दृष्टेर्ज्ञानं सम्यग्ज्ञानमिति नियमतः सिद्धम् ॥
आद्यत्रयमज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्तम् ॥ २२७ ॥

**ભાવાર્થ:**—ઉપર કહેલા સમ્યગ્દર્શન (તત્ત્વશ્રદ્ધાન)થી વિપરીતપણું, ગુરૂઉપદેશનો **અનાદર અને સંશય** તે **મિથ્યાત્વ** છે. પ્રત્યક્ષ અને પરોક્ષ એવું જ્ઞાન પાંચ પ્રકારનું છે. તેમાં શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન એમ બે પ્રકારનું જ્ઞાન **પરોક્ષ** જાણવું, અને અવધિ, મનઃપર્યાય તથા કેવલ એ ત્રણ પ્રકારે **પ્રત્યક્ષ** (જ્ઞાન) જાણવું. ઉત્તરભેદ વિષયવડે કરીને આ જ્ઞાનનો વિશેષ બોધ થઈ શકે છે. એક આત્માને વિષે એકથી માંડીને ચાર જ્ઞાન પર્યંત હોવા ઘટે છે. સમ્યગ્દૃષ્ટિ જીવનું જ્ઞાન નિશ્ચે કરીને સમ્યગ્ જ્ઞાન કહેવાય છે, તેમજ મિથ્યાત્વસંયુક્ત એવાં આદિનાં ત્રણ (જ્ઞાન) **અજ્ઞાન** કહેવાય છે. ૨૨૪-૨૨૫-૨૨૬-૨૨૭.

**વિવેચન**—આ ચાર શ્લોક પૈકી પ્રથમના અર્ધા શ્લોકમાં જ મિથ્યાત્વનું

[1] तु शब्दात् संशयश्च.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ કહેલું છે. તત્ત્વાર્થની યથાર્થ શ્રદ્ધા ન હોવી તે મિથ્યાત્વ છે. જ્યાંસુધી પ્રાણીને કર્મસ્થિતિ વિશેષ હોય છે ત્યાંસુધી તેને તત્ત્વાર્થની શ્રદ્ધા થતી જ નથી. આ સંસારમાં અનાદિ કાળથી અનંત પુદ્ગલ પરાવર્તન કરતાં જ્યારે જે પ્રાણીને છેલ્લું પુદ્ગલ પરાવર્તન પ્રાપ્ત થાય છે અર્થાત્ ભાવી સંસાર માત્ર એટલો જ રહે છે ત્યારે તેનામાં **માર્ગાનુસારી**પણું આવે છે અને તે કરતાં પણ જ્યારે સંસારસ્થિતિ ઘટે-અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલી વધારેમાં વધારે રહે ત્યારે જીવ સમકિત પામે છે. જ્યાંસુધી જીવ સમકિત પામતો નથી ત્યાંસુધી તેનામાં વિપર્યય ભાવ રહે છે, જડ ચેતનનું વાસ્તવિક સ્વરૂપ તેને સમજાતું નથી-તેના પર શ્રદ્ધા આવતી જ નથી. તેવા ભાવને શાસ્ત્રકારે મિથ્યાત્વ કહેલું છે. તેના અભિગ્રહિક, અનભિગ્રહિક, અભિનિવેશિક, અનાભોગિક અને સાંશયિક એવા પાંચ પ્રકાર છે. તેમજ બીજા પણ તેના ઘણા ભેદો શાસ્ત્રમાં બતાવેલા છે. તે ભેદોને બરાબર સમજીને જેટલો પ્રયાસ થઇ શકે તેટલો કરી આ મહાન દોષને ટાળવાની જરૂર છે. પ્રાણીનો પરમ શત્રુ મિથ્યાત્વ છે. તેનાવડે જ પ્રાણી સંસારમાં અપરિમિત કાળ પર્યંત પરિભ્રમણ કરે છે. એ મિથ્યાત્વનું સ્વરૂપ અન્ય ગ્રંથોથી જાણી લેવું. અહીં તેનો વિસ્તાર કરવામાં આવ્યો નથી.

હવે જ્ઞાનના મુખ્ય પાંચ ભેદ છે. તેમાં બે પરોક્ષ જ્ઞાન છે અને ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન છે. **અક્ષ** શબ્દ અહીં આત્માવાચક છે. જે જ્ઞાન ઇંદ્રિયોના સાધન સિવાય પરભાર્યું જાણી શકે છે અર્થાત્ જે જ્ઞાનમાં આત્માને ઇંદ્રિયાદિકની અપેક્ષા રહેતી નથી તે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ જ્ઞાનના પણ બે પ્રકાર છે. દેશ પ્રત્યક્ષ ને સર્વ પ્રત્યક્ષ. અવધિ ને મનઃપર્યવ એ દેશ પ્રત્યક્ષ છે, કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે. મતિ અને શ્રુત એ બે પરોક્ષ જ્ઞાન છે. તે ઇંદ્રિય અનિંદ્રિયના નિમિત્તથી ઇંદ્રિયોદ્વારા આત્માને થાય છે, સાક્ષાત્ આત્માને પરભાર્યા થતા નથી. એ બંને જ્ઞાન ક્ષયોપશમ જન્ય છે. પ્રત્યક્ષજ્ઞાનમાં પણ અવધિ ને મનઃપર્યવ ક્ષયોપશમ જન્ય છે અને કેવળજ્ઞાન ક્ષાયિક ભાવનું છે. તે જ્ઞાનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી જ ઉત્પન્ન થાય છે. મતિજ્ઞાનનું બીજું નામ **આભિનિબોધિક** જ્ઞાન છે. શ્રુત-આગમ તે અતીંદ્રિય વિષયવાળું છે, પરંતુ તે સર્વજ્ઞકથિત હોવાથી યથાર્થ બોધ આપનાર છે એટલે તે પ્રમાણભૂત ગણાય છે.

**મતિ**જ્ઞાનના શ્રુતનિશ્રિત અને અશ્રુતિનિશ્રિત એવા બે પ્રકાર છે. શ્રુતનિશ્રિતના અવગ્રહ, ઇહા, અપાય ને ધારણા એમ ચાર ભેદ છે. અવગ્રહના પણ વ્યંજનાવગ્રહ ને અર્થાવગ્રહ એવા બે પ્રકાર છે. શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના એકંદર ૨૮ ભેદ થાય છે. એ દરેક ભેદના વળી બહુ ને અબહુ, બહુવિધ ને અબહુવિધ એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાર ભેદ થાય છે, એટલે ૩૩૬ ભેદ થાય છે. અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ઔત્પાતિકી. વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી બુદ્ધિરૂપ ચાર ભેદ છે—તે મેળવતાં મતિજ્ઞાનના ૩૪૦ ભેદ થાય છે. શ્રુતજ્ઞાનના ૧૪ અને ૨૦ ભેદ થાય છે. અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એવા બે ભેદ પણ તેના છે. અંગબાહ્યમાં આવશ્યક, ઉત્તરાધ્યયન, દશવૈકાલિકાદિકનો સમાવેશ થાય છે. અંગપ્રવિષ્ટમાં આચારાંગાદિ દ્વાદશાંગીનો સમાવેશ છે. આ બંને જ્ઞાન સર્વદ્રવ્ય વિષયી છે.

**અવધિજ્ઞાન**ના જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ છે, અનુગામી, અનનુગામી વિગેરે છ ભેદ છે અને તરતમતા યોગે અસંખ્ય ભેદ પણ થાય છે. **મનઃપર્યવ**જ્ઞાનના ઋજુમતિ ને વિપુલમતિ એમ બે ભેદ છે. ઋજુમતિ કરતાં વિપુલમતિ વિશેષ નિર્મળ છે. આ જ્ઞાન અવધિજ્ઞાનના ઉત્કૃષ્ટ વિષય કરતાં અનંતમા ભાગના મનોદ્રવ્યને જાણનાર છે, પરંતુ તેના કરતાં અત્યંત વિશુદ્ધ છે અને તેના સ્વામી અપ્રમત્ત મુનિ જ છે—બીજાને તે જ્ઞાન થતું નથી. **જાતિસ્મરણ** જ્ઞાન મતિજ્ઞાનનોજ ભેદ છે. મતિ શ્રુત ને અવધિ એ ત્રણ જ્ઞાન મિથ્યાદર્શનના યોગથી વિપર્યયભાવને પામે છે એટલે તે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના નામથી ઓળખાય છે. **કેવળજ્ઞાન** તો સર્વ જીવને એક સરખું જ થતું હોવાથી તેના ભેદ વિભેદ નથી. આ જ્ઞાન સંબંધી વિશેષ વિચાર તેના ઉત્તર ભેદ, કાળ, કારણ, સ્વામી, ક્ષેત્રાદિ જાણવાથી જાણી શકાય છે. વિસ્તારના ઇચ્છકે શ્રી નંદીસૂત્ર અને વિશેષાવશ્યકાદિથી વિસ્તાર જાણી લેવો.

આ પાંચ જ્ઞાન પૈકી સમકાળે કેટલા હોય? તેના ઉત્તરમાં ૧–૨–૩–૪ હોય એમ કહેલ છે. સમકાળે પાંચ જ્ઞાન એટલા માટે ન હોય કે જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે પ્રથમના છાદ્મસ્થિક જ્ઞાન બે ત્રણ કે ચાર જે હોય તે નષ્ટ થઇ જાય છે. માત્ર એકલું કેવળજ્ઞાન જ લોકાલોક પ્રકાશક રહે છે કે જેમાં બીજાની બીલકુલ અપેક્ષા નથી. જીવને એક જ્ઞાન જ્યારે કહેવાય ત્યારે આ પ્રમાણે કેવળજ્ઞાન એક એમ સમજવું. અથવા અક્ષરાત્મક શ્રુતનો સર્વત્ર સંભવ ન હોવાથી એકલું મતિજ્ઞાન પણ કહેવાય છે. બે જ્ઞાન મતિ ને શ્રુત હોય ત્યારે કહેવાય છે. ત્રણ જ્ઞાન મતિ શ્રુત ને અવધિ અથવા મતિ શ્રુત ને મનઃપર્યવ હોય છે. અવધિજ્ઞાન વિના પણ મનઃપર્યવજ્ઞાન થાય છે. ચાર જ્ઞાન મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ સાથે હોય ત્યારે કહેવાય છે. આ પ્રમાણે તે સંખ્યાની વિવક્ષા જાણવી.

સમ્યગ્દષ્ટિ જીવ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શને યુક્ત હોય તે કહેવાય છે. તેનું શંકાદિ શલ્યરહિત જે જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે, કેમકે તે યથાવસ્થિત પદાર્થને જાણનાર છે, અને તે નિશ્ચયે અવ્યભિચારીપણે સિદ્ધ થયેલ છે. મિથ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનના યોગથી મતિ શ્રુત ને અવધિ એ ત્રણ જ્ઞાન સદસદ્ વિશેષ પરિજ્ઞાનનો અભાવ હોવાથી, યદૃચ્છાલાભ હોવાથી, ઉન્મત્તની જેમ અસત્ વસ્તુની ઉપલબ્ધિ કરાવનાર હોવાથી અને જ્ઞાનના ફળરૂપ વિરતિનો તેમાં અભાવ હોવાથી અજ્ઞાન કહેવાય છે. એટલે મિથ્યાદૃષ્ટિ જીવોને મતિશ્રુતાદિ હોય તે મતિઅજ્ઞાનાદિના નામથી ઓળખાય છે.

આ પાંચ જ્ઞાનનું સ્વરૂપ ઘણું વિસ્તારવાળું છે, પરંતુ સ્થળસંકોચના કારણથી અત્ર તેનો વિસ્તાર કરવામાં આવ્યો નથી. ૨૨૪ થી ૨૨૭

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નિરૂપણ કરીને હવે સમ્યગ્ચારિત્રનું નિરૂપણ કરવામાં આવશે. (ચાલુ.) તંત્રી.

# ब्रह्मचर्यादिक चार आश्रमोनो विवेक.

## ( તેમની સંક્ષેપથી વહેંચણ )

૧ બ્રહ્મચર્ય, ૨ ગૃહસ્થ, ૩ વાનપ્રસ્થ ( retired life ) અને સંન્યસ્ત, એ ચારે અનુક્રમે ગણાતા આશ્રમોને તત્ત્વદૃષ્ટિથી વિચારતાં ૧ સરવાળા, ૨ બાદબાકી, ૩ ગુણાકાર અને ૪ ભાગાકારની ઉપમા ઘટી શકે છે એમ બુદ્ધિવંત સંક્ષેપથી યથાક્રમે નીચે પ્રમાણે નિવેદન કરે છે.

૧ બ્રહ્મચર્ય આશ્રમ વિદ્યાર્થી અવસ્થામાં નિયત થયેલ હોવાથી તેમાં નવું નવું જ્ઞાન મેળવવા–એકઠું કરવાવડે તેને સરવાળાની ઉપમા ઘટે છે. તે અવસ્થામાં નિત્ય પ્રતિ નવા નવા જ્ઞાનનો સંચય–વધારો થયા કરે છે.

૨ પ્રથમ અવસ્થામાં મેળવી રાખેલા જ્ઞાનનો ગૃહસ્થાશ્રમમાં સ્થિતિ–સંયોગાનુસારે જૂદી જૂદી દિશામાં ( ભિન્ન ભિન્ન સ્થાને ) યથાયોગ્ય ઉપયોગ કરવા વડે અને સ્વજનાદિક સહુ સહુના હકની ઘટતી વહેંચણી કરી દેવાવડે તેને બાદબાકીની ઉપમા ઘટે છે. પ્રાપ્ત કરેલા જ્ઞાનભંડોળનો અત્ર જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં સ્વપરના હિત માટે ઉપયોગ કરવામાં આવે છે.

૩ ગૃહસ્થાશ્રમમાં રહી પ્રથમ પ્રાપ્ત કરેલા જ્ઞાનવડે જે જે સ્વપર હિતકારી કાર્યો કરી શકાય છે તે કરતાં ઘણા ગુણાં હિતકારી કાર્યો વાનપ્રસ્થાશ્રમમાં ગૃહજંજાળથી મુક્ત થયેલ હોવાથી તથાપ્રકારના જ્ઞાનની પરિપક્વતાને લીધે સાધી શકાય છે. આ આશ્રમમાં પુરૂષાર્થી જનો બુદ્ધિબળના વધારાથી ગૃહસ્થાશ્રમ કરતાં ઘણા ગુણા લાભ મેળવી શકે છે, તેથી તેને ગુણાકારની ઉપમા ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ સંન્યસ્ત આશ્રમ છેલ્લો અને શ્રેષ્ઠ લેખાય છે. આ આશ્રમ જૈન દર્શનમાં જણાવેલા નિગ્રંથ મહાપુરૂષોના કેવળ નિવૃત્તિપરાયણ માર્ગને મળતો છે. આ આશ્રમમાં સર્વથા સ્વાર્થત્યાગ (Disinterestedness) કરવાનો હોય છે. અનેક પ્રકારનાં પ્રમાદાચરણથી દૂર રહી અપ્રમત્તપણે શુદ્ધ આત્માર્થ જ આમાં સાધવાનો હોય છે. આ અંતિમ આશ્રમમાં કેવળ નિઃસ્પૃહતા યોગે ઉપાધિ રહિત બની જવાના કારણથી તેને લાગાકારની ઉપમા ઘટે છે. ઇતિશમ્.

મુ. ક. વિ.

# शान्त वचनामृत.

૧ અધીરાઇ રાખ્યા વગર સતત્ પ્રયાસ કરવાથી મ્હોટાં મહાભારત કામ પણ થઇ શકે છે.

૨ મહેનત કર્યા વગર ફળ મળશે નહિ–' No Labour, No Fruit. '

૩ તમે જેવું વાવશો તેવુંજ લણશો–' As you sow so you reap.'

૪ જો ખરી શાન્તિને ચાહતા હો તો ' ખમો અને ખામોશ રાખો. ' Bear and Forbear.

૫ જે કંઇ કાર્ય કરો તે પરિણામદર્શીપણે વિચારીનેજ કરો, સહસા–અતિરભસપણે ન જ કરો.

૬ સમ વિષમ સર્વ સંયોગોમાં તમારૂં મન સ્થિર–સમતોલ રાખવા ખાસ પ્રયત્ન કરો. ( Under all circumstances Keep an even Mind )

૭ મહત્ ઇચ્છા રાખતા હો તો પ્રથમ યોગ્યતા સંપાદન કરો. ઇચ્છિત પ્રાપ્તિનો એ ઉત્તમ ઉપાય છે. કહ્યું છે કે–'First Deserve and then Desire '

૮ જેમ કષ, છેદ, તાપ અને તાડન કરવા વડે–એ ચાર પ્રકારે સોનાની પરીક્ષા કરવામાં આવે છે, તેમ શ્રુત–જ્ઞાન, શીલ–આચાર, તપ અને દયા એ ચાર ગુણોવડે વિદ્વાન્ માણસ ધર્મની પરીક્ષા કરી શકે છે; પરીક્ષાપૂર્વક જ પ્રધાન ધર્મનો સ્વીકાર કરવામાં આવે એ શ્રેષ્ઠ છે.

૯ અહિત–તાપને શમાવનારાં ચંદન જેવાં શીતળ વચનોની વૃષ્ટિ કોઇ ભાગ્યશાળી ભવ્યાત્મા ઉપર જ ગુરૂ મહારાજ કરે છે. સદ્ગુરૂનાં હિત વચનોથી અહિત-તાપ દૂર થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ " ભાવના ચંદનથી અતિ શીતળ, નાથ નિરંજન વાણીજી;
રૂપચંદ રસ પ્રેમે પીતાં, ત્યાંથી પ્રીત બંધાણીજી.
અવિનાશીની સ્હેજડીએ, રંગ લાગ્યો મોરી સજનીજી."

સર્વજ્ઞ વીતરાગનાં વચનોની તો બલિહારીજ છે.

૧૧ " ક્ષમા સાર ચંદન રસે, સિંચો ચિત્ત પવિત્ત;
દયાવેલ મંડપતળે, રહોલહો સુખ મિત્ત."

૧૨ " મૃદુતા કોમલ કમલથે, વજ્રસાર અહંકાર;
છેદત હે એક પલકમેં, અચરિજ એહ અપાર."

૧૩ " માયા સાપણી જગ ડસે, ગ્રસે સકળ નરનાર;
સમરો ઋજુતા જાંગુલી, પાઠ સિદ્ધ નિરધાર."

૧૪ " न तृष्णा परो व्याधि–र्न तोषात्परमं सुखम् "–તૃષ્ણા જેવો પ્રબળ વ્યાધિ નથી અને સંતોષ જેવું બીજું ઉત્તમ સુખ નથી; છતાં આશ્ચર્યની વાત છે કે જીવો તૃષ્ણાને તજતા નથી.

૧૫ " મમતા થિરસુખ શાકિની, નિર્મમતા સુખ મૂળ;
મમતા શિવ પ્રતિકૂળ હે, નિર્મમતા અનુકૂળ."

૧૬ " ટાળે દાહ તૃષા હરે, બાળે મમતા પંક;
લહરી ભાવ વૈરાગ્યકી, તાકું ભજો નિઃશંક."

૧૭ " અનાસંગ મતિ વિષયમેં, રાગ દ્વેષકો છેદ;
સહજ ભાવમેં લીનતા, ઉદાસીનતા ભેદ."

૧૮ " ઉદાસીનતા મગન હુઇ, અધ્યાતમ રસકૂપ;
દેખે નહિ જબ ઓર કછુ, તબ દેખે નિજ રૂપ."

૧૯ " આગે કરી નિઃસંગતા, સમતા સેવત જેહુ;
રમે પરમ–આનંદ રસ, સત્ય યોગમેં તેહુ."

૨૦ " જ્ઞાન વિમાન ચારિત્ર પવિ,[૧] નંદન[૨] સહજ સમાધ;
મુનિ સુરપતિ[૩] સમતા સચી[૪], રંગે રમે અગાધ.*

૨૧ અહો ભવ્ય આત્માઓ ! પૂણ્ય સામગ્રી પ્રાપ્ત થયા છતાં પ્રમાદાચરણથી રખે જીતી બાજી હારી જતા. જાગો ! જાગો !! લેખક.

સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી.

---

૧ વજ્ર. ૨ નંદન વન. ૩ ઇન્દ્ર. ૪ ઇન્દ્રાણી * આ દોહામાં મુનિ અને ઇન્દ્રનો મુકાબલો કરવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# बुद्धिस्वरुप.

( અનુસંધાન પૃષ્ટ ૫૩ થી )

## હવે કાર્મણકી બુદ્ધિનું લક્ષણ કહે છે.

वऊगदिट्टसारा कम्मपसंगपरिघोलणविसाला ।
साहुक्कारफलवई कम्मसमुत्था हवइ बुद्धि ॥ १ ॥

અર્થ—ઉપયોગે કરીને એટલે કોઇ પણ કાર્યમાં મનના અભિનિવેશે કરીને ( મનને પરોવવાવડે કરીને ) સારને એટલે તે જ કર્મ ( કાર્ય ) ના પરમાર્થ ( રહસ્ય ) ને જોનારી અર્થાત્ અભિનિવેશે ( આગ્રહે ) કરીને કર્મના પરમાર્થને જાણનારી, તથા કાર્યને વિષે અભ્યાસ અને વિચારે કરીને વિસ્તારને પામેલી, તથા સાધુકારે કરીને એટલે ' આ કાર્ય બહુ સારૂં કર્યું ' એ પ્રમાણે વિદ્વાન્ માણસોએ કરેલી પ્રશંસાએ કરીને યુક્ત એવા ફળવાળી જે બુદ્ધિ તે **કાર્મણકી** (કર્મથી ઉત્પન્ન થયેલી ) બુદ્ધિ કહેવાય છે. તાત્પર્ય એ છે કે—કોઇ પણ નવું કાર્ય કરવાનું હોય, તેમાં જ મનને એકાગ્ર કરવાથી તે કાર્યનું રહસ્ય સમજી શકાય છે, તથા તે કાર્યનો વારંવાર અભ્યાસ અને વિચાર કરવાથી બુદ્ધિનો વિકાસ થાય છે, તેથી ' આ કાર્ય બહુ સારૂં કર્યું ' એમ વિદ્વાન્ માણસો તેની પ્રશંસા કરે છે, માટે તે પ્રશંસારૂપ ફળને પામનારી જે બુદ્ધિ તે કર્મજા બુદ્ધિ કહેવાય છે.

શિષ્યજનોના અનુગ્રહને માટે કર્મજા બુદ્ધિનાં ઉદાહરણો આપે છે:—

हेरन्नए १ करिसए २ कोलिअ ३ डोवेअ ४ मुत्ति ५ घय ६ पवए ७ ।
तुन्नाय ८ वड्ढइ ९ पूइए १० अ घडे ११ चित्तकारे अ १२ ॥

અર્થ—" હૈરણ્યક ૧, કર્ષક ૨, કૌલિક ૩, દર્વી ૪, મૌક્તિક ૫, ઘૃત ૬, પ્લવક ૭, તુન્નવાય ૮, વર્ધકિ ૯, આપૂપિક ૧૦, ઘટકાર ૧૧, અને ચિત્રકાર ૧૨. આ બાર દૃષ્ટાંતો કર્મજ બુદ્ધિ સંબંધી કહેલાં છે. "

૧ **હૈરણ્યક** એટલે નાણું પારખનાર. તે પોતાની કળાના પ્રકર્ષને પામીને અંધકારમાં પણ હસ્તના સ્પર્શમાત્રે કરીને રૂપિયાની યથાર્થ પરીક્ષા કરે છે.

૨ **કર્ષક** એટલે ખેડુત. તેનું ઉદાહરણ આ પ્રમાણે:—

કોઇ ચોરે રાત્રીને વિષે કોઇ વણિક્ના ઘરમાં કમળના આકારવાળું ખાતર પાડ્યું. પછી પ્રાત:કાળે કોઇ ન ઓળખે તેમ તે જ ઘરે આવીને માણસોના મુખથી

For Private And Personal Use Only

આપવાના પ્રકાર સંબંધી પોતાની પ્રશંસા સાંભળવા લાગ્યો. તે વખતે કર્ષક ( ખેડુત ) બોલ્યો કે—" શીખેલા માણસને દુષ્કર કાર્ય શું હોય? જે કાર્યનો જેણે નિરંતર અભ્યાસ કર્યો હોય, તે માણસ તે કાર્યને અત્યંત ઉત્કૃષ્ટ રીતે કરી શકે છે, તેમાં કાંઇ આશ્ચર્ય નથી. " આ પ્રમાણેનું ક્રોધરૂપી અગ્નિને પ્રદીપ્ત કરનારૂં તેનું વચન સાંભળીને તે ચોર કોપાયમાન થયો. તેથી કોઇ પુરૂષ પાસેથી તેનું નામ, ઠામ વિગેરે જાણીને એક દિવસ હાથમાં છરી લઇને તે કર્ષકના ખેતરમાં ગયો અને તેને કહ્યું કે—" અરે ખેડુત ! તને હમણાં જ મારી નાંખું છું. " તેણે કહ્યું કે—" શા માટે ? " ચોર બોલ્યો કે— " તેં તે દિવસે મારૂં પાડેલું ખાતર વખાણ્યું નહીં માટે. " કર્ષક બોલ્યો કે—" મેં સત્ય કહ્યું હતું, કેમકે જેનો જે કાર્યમાં નિરંતર અભ્યાસ હોય, તે માણસ તે વિષયમાં ઉત્કર્ષતાને પામે જ છે. તેમાં હું જ દૃષ્ટાંત રૂપે છું. કેમકે આ મારા હાથમાં જે મગ છે તે સર્વને તું કહે તો નીચા મુખવાળા રહે તેમ હેઠે નાંખું, અથવા ઉંચા મુખવાળા રહે તેમ નાંખું, અથવા પડખે મુખવાળા રહે તેમ નાંખું. " તે સાંભળીને ચોર અધિક આશ્ચર્ય પામીને બોલ્યો કે—" સર્વ મગને નીચા મુખવાળા નાંખ. " ત્યારે તેણે પૃથ્વીપર વસ્ત્ર પાથર્યું. પછી તેનાપર તેણે સર્વે મગ એવી રીતે નાખ્યા કે બધા નીચા મુખવાળા પડ્યા. તે જોઇને ચોરને મોટું આશ્ચર્ય થયું, તેથી તેણે વારંવાર " અહો ! આનામાં કેવી સુંદર કળા છે ? " એમ કહીને તેની કુશળતાની પ્રશંસા કરી. પછી છેવટે તે ચોર જતાં જતાં બોલ્યો કે—" જો તેં મગને નીચા મુખવાળા ન નાંખ્યા હોત તો અવશ્ય હું તને મારી નાંખત. " અહીં કર્ષકની તથા ચોરની કર્મજા બુદ્ધિ જાણવી.

૩ કૌલિક એટલે તંતુવાય ( વણકર ). તે પોતાની મુઠીમાં સુતરના તંતુ લઇને જાણી શકે છે કે આટલા કંડકે કરીને વસ્ત્ર થશે.

૪ દર્વી એટલે કડછી. આ કડછીમાં કેટલી દાળ કે ઘી વિગેરે સમાશે તે તેનો નિત્યનો વાપરનાર સહેજે જાણી શકે છે.

૫ મૌક્તિક એટલે મોતી. કળાવાન્ ઝવેરી મોતીને ઉંચે આકાશમાં ઉડાડીને નીચે સોયને એવી રીતે ધરી રાખે છે કે તે સોય, નીચે પડતા મોતીના છિદ્રમાં પરોવાઇ જાય.

૬ ઘૃત એટલે ઘી. ઘી વેચનાર પોતાની કળાના પ્રકર્ષને પામીને જો પોતે ધારે તો ગાડામાં ઉભો રહીને નીચે જમીનપર ઘીનું કુડલું રહેલું હોય તેના મોઢામાં બરાબર પડે તેમ ઘી નાંખી શકે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ प्लवक એટલે તરવારની ધાર ઉપર નાચ કરનાર પુરૂષ. તે આકાશમાં રહેલાં કલ્લોને કરી શકે છે. ( આ સમજાયું નથી. )

૮ तुन्नवाय એટલે શીવવાનું કામ કરનાર પુરૂષ. તે પોતાની શીવવાની કળાના પ્રકર્ષને પામ્યો હોય તો એવી રીતે શીવી શકે છે કે તેની શીવણને કોઇ જાણી શકે નહીં.

૯ वर्धकि એટલે સુથાર. તે પોતાની કળાના પ્રકર્ષને પામીને માપ્યા વિના પણ દેવાલય અને રથ વિગેરેના ઉંચાઇ લંબાઈ વિગેરેના પ્રમાણને જાણી શકે છે.

૧૦ आपूपिक એટલે ઘઉંના આટાના પૂડલા બનાવનાર તથા વેચનાર. તે માન કર્યા વિના પણ પૂડલાના દળ ( જાડાઇ ) નું પ્રમાણ જાણી શકે છે.

૧૧ घटकार એટલે કુંભાર. તે પોતાની કળાના પ્રકર્ષને પામ્યો સતો પહેલેથી જ ઘટાદિકમાં જોઇએ તેટલી જ માટી લઇ શકે છે.

૧૨ चित्रकार એટલે ચિતારો. તે ચિત્રની ભૂમિકા માપ્યા વિના પણ ચિત્રનું પ્રમાણ જાણી શકે છે. અથવા પીંછી ઉપર જોઇએ તેટલો જ રંગ લઇ શકે છે. આ **સર્વે કાર્મણકી બુદ્ધિનાં દૃષ્ટાંત જાણવાં.**

---

૪ હવે પરિણામિકી બુદ્ધિનું લક્ષણ કહે છે:—

अणुमाणहेउदिट्ठंतसाहिआ, वयविवागपरिणामा ।
हिअनिस्सेस अ फलवई, बुद्धी परिणामिआ नाम ॥ १ ॥

અર્થ:—"અનુમાન, હેતુ અને દૃષ્ટાંતે કરીને સાધવા લાયક પદાર્થને સાધનારી, વય ( ઉમ્મર ) ના પરિપાકને લઇને પરિણામ ( પુષ્ટતા ) પામેલી તથા હિત ( અભ્યુદય ) અને નિઃશ્રેયસ્ ( મોક્ષ ) રૂપ ફળને આપનારી જે બુદ્ધિ તે પારિણામિકી બુદ્ધિ કહેવાય છે."

આ પારિણામિકી બુદ્ધિનું સ્વરૂપ પણ શિષ્યોના હિતને માટે ઉદાહરણોએ કરીને બતાવે છે:—

अभय १ सिट्ठि २ कुमारे ३ देवी ४ उदिउदए हवइ राया ५ ।
साहू य नंदिसेणे ६ धणदत्ते ७ सावग ८ अमच्चे ९ ॥ १ ॥
खमए १० अमच्चपुत्ते ११ चाणक्के १२ चेव थूलभद्दे अ १३ ।
नासिक्कसुंदरीनंदे १४ वइरे १५ परिणामिय बुद्धीए ॥ २ ॥
चलणाहण १६ आमंडे १७ मणी अ १८ सप्पे अ १९ खग्ग २० थूभिंदे २१ ।
परिणामिय बुद्धीए एवमाई उदाहरणानि ॥ ३ ॥

For Private And Personal Use Only

અર્થ:—"અભયકુમાર ૧, શ્રેષ્ઠી ૨, કુમાર (બાળક) ૩, દેવી ૪, ઉદિતોદય રાજા ૫, નંદિષેણ સાધુ ૬, ધનદત્ત ૭, શ્રાવિકા ૮, અમાત્ય ૯, ક્ષપક સાધુ ૧૦, અમાત્ય પુત્ર ૧૧, ચાણક્ય ૧૨, સ્થૂલભદ્ર ૧૩, નાસિક્યપુરમાં સુંદરીનો ભર્તાર નંદ ૧૪, વજ્રસ્વામી ૧૫, ચરણવડે તાડન ૧૬, આમળું ૧૭, મણિ ૧૮, સર્પ ૧૯, ગેંડો ૨૦ અને સ્તૂપ ૨૧. એ વિગેરે પારિણામિકી બુદ્ધિનાં ઉદાહરણો જાણવાં."

આ સર્વ કથાઓ પ્રાયે કરીને મોટી અને પ્રસિદ્ધ છે, તેથી બીજા ગ્રંથોમાંથી જાણી લેવી. અહીં માત્ર સંક્ષેપથી અક્ષરની યોજના માત્રજ લખીએ છીએ.

૧ અભયકુમાર—ચંડપ્રદ્યોત રાજાના કબજામાં રહેલા અભયકુમારે જે ચાર વર તેની પાસે માગ્યા, અને તેને પરિણામે પોતે છુટી આવ્યો, તથા તેના નગરમાંજ બૂમ પાડતા તે રાજાને બાંધીને લઈ આવ્યો, તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૨ શ્રેષ્ઠી—કાષ્ઠ શ્રેષ્ઠીએ પોતાની સ્ત્રીનું દુષ્ટ આચરણ જોઈને દીક્ષા લીધી. પછી તે પોતાનો પુત્ર જે ગામમાં રાજા હતો ત્યાં ચોમાસું રહ્યા. ચાતુર્માસ પછી તે મુનિ વિહાર કરવા તૈયાર થયા. તે વખતે બ્રાહ્મણોની શીખવણીથી દુર્ગંધિકા નામની ગર્ભવતી વેશ્યાએ તે મુનિને તેનો પુત્ર કે જે રાજા હતો, તેની સમક્ષ કહ્યું કે–"હે મુનિ! મને તમારાથી ગર્ભ રહ્યો છે, અને તમે તો બીજે ગામ જાઓ છો, તો મારૂં અહીં શું થશે?" તે સાંભળીને શાસનના અપયશને દૂર કરવા માટે મુનિએ તેણીને શ્રાપ આપ્યો કે–"જો એ ગર્ભ મારાથી રહ્યો હોય તો તે યોનિમાર્ગે કરીને સુખ સમાધિયે બહાર નીકળો, અને જો મારાથી રહ્યો ન હોય તો તારૂં ઉદર ફાડીને હમણાજ નીકળી પડજો." આ પ્રમાણે કહેવાથી તેનો ગર્ભ તરતજ ઉદર ફાડી નીકળી પડ્યો. અહીં મુનિની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૩ કુમાર—કોઈ એક પ્રથમ વયમાં વર્તતો કુમાર હતો. તેને મોદક પર ઘણી પ્રીતિ હતી. એક વખત તે સ્ત્રીઓની સાથે જમવા ગયો. ત્યાં મરજી પ્રમાણે મોદક ખાવાથી તેને અજીર્ણનો વ્યાધિ ઉત્પન્ન થયો. તેથી અત્યંત દુર્ગંધવાળા વાયુના ઓડકાર આવવાથી તે વિચાર કરવા લાગ્યો કે–" અહો! તેવા પ્રકારના ઘી, ગોળ, અને લોટ વિગેરે મનોહર પદાર્થો પણ શરીરના સંબંધથી દુર્ગંધવાળા થયા; તેથી આ અશુચિ શરીરને ધિક્કાર છે! મોહને પણ ધિક્કાર છે કે જેથી આવા અશુચિ શરીરને માટે જીવ પાપકર્મો કરે છે." આ પ્રમાણે તેને જે વિચાર થયો તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી. ત્યારપછી તે કુમારને શુભશુભતર અધ્યવસાયને લીધે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

૪ **દેવી**—પુષ્પાવતી નામની રાણી પ્રવ્રજ્યા લઈને સ્વર્ગમાં દેવી થઈ હતી. તેણીએ પોતાની પુષ્પચૂલા નામની પુત્રીને સ્વપ્નામાં નરક તથા સ્વર્ગ દેખાડીને જે પ્રતિબોધ કર્યો તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૫ **ઉદિતોદય રાજા**—પુરિમતાલ નામના પુરમાં **ઉદિતોદય** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **શ્રીકાંતા** નામની મનોહર રાણી હતી. તે રાણી ઉપર મોહ પામેલા વાણારસીપુરીના રાજા **ધર્મરૂચિએ** સર્વ સૈન્ય સહિત આવીને ઉદિતોદય રાજાને રૂંધ્યો. તેણે ઘણા માણસોનો ક્ષય થવાના ભયથી **વૈશ્રમણ** નામના દેવની ઉપવાસવડે આરાધના કરી, અને તેની સહાયવડે નગર સહિત પોતાના સમગ્ર કુટુંબનું અન્યત્ર સ્થાને સંક્રમણ કરાવ્યું, તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૬ **નંદિષેણ સાધુ**—શ્રેણિક રાજાના પુત્ર નંદિષેણ મુનિને એક શિષ્ય હતો, તેને ચારિત્રનો ત્યાગ કરવાની ઇચ્છા થઈ. તેને સ્થિર કરવા માટે શ્રી મહાવીરસ્વામીને વાંદવા નિમિત્તે આવેલી ચલાયમાન મોતીના આભૂષણોથી, શ્વેત વસ્ત્ર પહેરવાથી અને રૂપના સુંદરપણાથી દેવાંગનાઓને પણ જીતે એવી પોતાના અંતઃપુરની સ્ત્રીઓનું તે શિષ્યને જે દર્શન કરાવ્યું તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી. પેલો સાધુ નંદિષેણે ત્યાગ કરેલી આવી અત્યંત મનોહર સ્ત્રીઓને જોઈને સંયમને વિષે અત્યંત સ્થિર થઈ ગયો.

૭ **ધનદત્ત**—ધનદત્ત શ્રેષ્ઠીને **સુસુમા** નામની પુત્રી હતી, તેનું **ચિલાતીપુત્રે** હરણ કર્યું, તેની પાછળ પોતાના પુત્રો સહિત ધનદત્ત દોડ્યો. માર્ગમાં ચિલાતીપુત્ર તેમને આવતા જોઈ સુસુમાને મારી તેનું મસ્તક હાથમાં લઈ ભાગ્યો. પુત્રીનું શબ જોઈ ખેદ સહિત ધનદત્ત પાછો ફર્યો, તે વખતે પ્રાણનો નાશ થાય તેવી સર્વને ક્ષુધા લાગવાથી ધનદત્તે જે પ્રયોગ કર્યો તેમાં તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૮ **શ્રાવિકા**—કોઈ એક ગામમાં એક શ્રાવક રહેતો હતો, તેને પરસ્ત્રીની સાથે ક્રીડા કરવાનું પ્રત્યાખ્યાન હતું. એકદા પોતાની સ્ત્રીની કોઈ સખીને જોઈને તેણીને વિષે તે અત્યંત રાગી થયો. તેને તેવા પ્રકારની ઇચ્છાવાળો જાણીને તેની ભાર્યાએ વિચાર્યું કે—" ખરેખર આ મારો પતિ જો કદાચ આવા અધ્યવસાયમાં મરણ પામશે તો તે નરકગતિ કે તિર્યંચગતિને મેળવશે, તેથી હું તેનો કાંઈપણ ઉપાય કરૂં. " એમ વિચારીને તેણીએ પોતાના પતિને કહ્યું કે—" હે સ્વામી ! તમે અત્યંત આતુર ન થાઓ, હું આજે સાયંકાળે તમને મારી સખી સાથે મેળવીશ. " તે સાંભળીને તેણે ધીરજ રાખી. પછી સાયંકાળે અંધકાર સર્વ વિશ્વમાં પ્રસરવા લાગ્યો

ને જાણ્યું તે પછી પોતાની સખીના વસ્ત્ર તથા આભરણો પહેરીને પોતાની સખીના રૂપે એકાંતમાં તેની પાસે ગઈ, એટલે 'આ મારી ભાર્યાની સખી જ છે' એમ ધારીને તેણે તેને ભોગવી. ભોગ કર્યા પછી કામવિકાર શાંત થવાથી પ્રથમ ગ્રહણ કરેલું વ્રત તેને સ્મરણમાં આવ્યું. તેથી 'મારા વ્રતનો ભંગ થયો' એમ વિચારીને તે અત્યંત ખેદ કરવા લાગ્યો. તે જાણીને તેની ભાર્યાએ તેને સત્ય હકીકત નિવેદન કરી, તે સાંભળીને તે કાંઇક સ્વસ્થ થયો. પછી ગુરુના ચરણકમળમાં જઈને મનના દુષ્ટ સંકલ્પથી થયેલા વ્રતના ભંગની શુદ્ધિને માટે તેણે પ્રાયશ્ચિત્ત લીધું. અહીં શ્રાવિકાની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૯ **અમાત્ય**—વરધનુના પિતા ધનુમંત્રીએ બ્રહ્મદત્ત કુમારને લાક્ષાગૃહમાંથી નીકળી જવા માટે પહેલેથી જે સુરંગ ખોદાવી તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૦ **ક્ષપક સાધુ**—કોઇ એક સાધુ ક્રોધના વશથી મરીને સર્પ થયો હતો. ત્યાંથી મરીને રાજપુત્ર થયો. તેણે ચારિત્ર લીધું, પણ તપસ્યા કરવાની શક્તિ ન હોવાથી તે કોઈ વખત કાંઈ પણ પ્રત્યાખ્યાન (પચ્ચખ્ખાણ) લઈ શકતો નહીં. એકદા તે ગોચરી લાવીને ભોજન કરવા બેસતો હતો, તે વખતે ચાર તપસ્વી સાધુઓએ તેની મશ્કરી કરીને તેના પાત્રમાં થૂંક નાંખ્યું, તો પણ એ સાધુએ જરા પણ કોપ કર્યો નહીં, માત્ર પોતાના આત્માની નિંદા અને તે સાધુઓની પ્રશંસા કરી, તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૧ **અમાત્ય પુત્ર**—ધનુમંત્રીના પુત્ર વરધનુને વનમાં પકડીને દીર્ઘરાજાના સુભટોએ બ્રહ્મદત્ત કુમારને દેખાડવાનું કહ્યું ત્યારે તેમજ બીજે પ્રસંગે વરધનુએ કુમારના બચાવ માટે જે જે જવાબો આપ્યા, તથા કુમારને અમુક ઠેકાણેથી સંજ્ઞા કરીને નસાડી મૂક્યો, એ વિગેરે કાર્યમાં તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૨ **ચાણાક્ય**—ચંદ્રગુપ્ત રાજા રાજ્ય કરતો હતો, ત્યારે તેના ખજાનામાં ધન ખૂટી જવાથી ચાણાક્યે યુક્તિથી પ્રજાના મુખ્ય ગૃહસ્થો પાસે કેટલી સંપત્તિ છે તે જાણી લઈ તેમની પાસે એક દિવસના ઉત્પન્ન થયેલા અશ્વાદિકની માગણી કરીને ભંડાર ભરપૂર કરી દીધો તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૩ **સ્થૂલભદ્ર**—સ્થૂલભદ્રના પિતાના મૃત્યુ પછી નંદરાજાએ સ્થૂલભદ્રને મંત્રીપદ લેવાનું કહ્યું ત્યારે તેમણે એકાંતમાં વિચાર કરવાનો વખત માગી લઈ, વિચાર કરીને મંત્રીપદ ન સ્વીકારતાં દીક્ષા અંગીકાર કરી, તેમાં તેમની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૪ **નાસિક્ય સુંદરીનો ભર્તાર નંદ**—નાસિક્યપુરમાં સુંદરીના ભર્તાર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંદને તેના સાઠ કે જે સાધુ થયેલા હતા તેમણે મેરૂ પર્વતના શિખર પર લઇ જઇને જે દેવનું સુગલ દેખાડ્યું, તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી. (આ દષ્ટાંત બહુ પ્રસિદ્ધ નથી)

૧૫ **વજ્રસ્વામી**—વજ્રસ્વામી બાલ્યાવસ્થામાં વર્તતા હતા, તે વખતે પણ તેણે માતાનાં રમકડાં ને મીઠાઇનો અસ્વીકાર કરી ગુરૂએ બતાવેલ રજોહરણ ગ્રહણ કર્યું અને માતાની અવગણના કરી સંઘને બહુમાન આપ્યું તે તેમની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૬ **ચરણવડે તાડન**—કોઇ રાજાને તેના યુવાન પુરૂષો (નોકરો) ભરમાવવા લાગ્યા કે—"હે સ્વામી! જુવાન પુરૂષોને જ પાસે રાખવા જોઇએ, કેમકે જેનાં શરીર વળીયા અને પળીએ કરીને વ્યાપ્ત હોય એવા વૃદ્ધ પુરૂષો શા કામના?" તે સાંભળીને રાજાએ સર્વ જુવાનોને એકઠા કરી તેમની પરીક્ષા કરવા માટે તેમને પૂછયું કે—"જે માણસ મને મસ્તક ઉપર પગવડે તાડન કરે તેનો શો દંડ કરવો?" તેઓએ જવાબ આપ્યો કે—"તે માણસના તલ તલ જેટલા કકડા કરીને તેને મારી નાંખવો." ત્યારપછી રાજાએ વૃદ્ધ પુરૂષોને બોલાવી તેમને પૂછયું, ત્યારે તેઓ બોલ્યા કે—"હે સ્વામી! વિચાર કરીને જવાબ આપશું." એમ કહીએતો એકાંત સ્થાને જઇ વિચાર કરવા લાગ્યા કે—"હૃદયને વહાલી એવી રાણી વિના બીજો કોણ માણસ રાજાના મસ્તક પર તાડન કરી શકે? અને હૃદયને વહાલી એવી રાણી તો વિશેષે કરીને સન્માન કરવા લાયક છે." આ પ્રમાણે વિચારીને તેઓએ રાજા પાસે આવીને વિજ્ઞપ્તિ કરી કે—"હે દેવ! તે મસ્તક પર તાડન કરનાર મનુષ્ય વિશેષે કરીને સત્કાર કરવા લાયક છે." તે સાંભળીને રાજા આનંદ પામ્યો, અને તેમની પ્રશંસા કરવા લાગ્યો કે—"વૃદ્ધ પુરૂષો વિના આવી બુદ્ધિ કોની હોય?" પછી તે રાજા નિરંતર પોતાની પાસે વૃદ્ધ પુરૂષોને જ રાખતો હતો, પણ જુવાનોને રાખતો નહીં. અહીં રાજાની અને વૃદ્ધોની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૭ **આમળું**—કોઇ કારીગરે કાષ્ઠનું એક કૃત્રિમ આમળું બનાવ્યું અને તેને રંગ આપીને ખરા આમળા જેવું કરી દીધું. તે જોઈ સર્વ લોકે તેને સત્ય આમળું જાણ્યું; પરંતુ એક ચતુર પુરૂષે તેમાં કઠિનપણું હોવાથી તથા આમળાની ઋતુ નહીં હોવાથી આ કૃત્રિમ આમળું છે એમ જે જાણ્યું તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૮ **મણિ**—કોઈ એક સર્પ હમેશાં વૃક્ષ ઉપર ચઢીને પક્ષીઓનાં ઇંડાં ખાતો હતો. એકદા તે સર્પ વૃક્ષ ઉપર જ મરણ પામ્યો. તેના મસ્તકપરનો મણિ

For Private And Personal Use Only

ત્યાં જ કોઈક સ્થાને પડી ગયો. તે વૃક્ષની નીચે એક કુવો હતો, તેમાં વૃક્ષપર ર-હેલા મણિની કાંતિ પડતી હતી, તેથી તેનું સમગ્ર જળ રાતું જોવામાં આવતું હતું, અને તે જળ કુવામાંથી બહાર કાઢીએ તો સ્વાભાવિક નિર્મળ જ દેખાતું હતું. આ વૃત્તાંત કોઈ બાળકે પોતાના વૃદ્ધ પિતાને કહ્યો. તે સાંભળીને તે વૃદ્ધે ત્યાં આવી સારી રીતે તપાસ કરી પેલો મણિ લઈ લીધો. આ વૃદ્ધની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૧૯ **સર્પ**—ભગવાન્ મહાવીરસ્વામીને જોઈને ચંડકૌશિક સર્પને તેમનું ઉ-જ્વળ રૂધિર તથા અપૂર્વ શાંતવૃત્તિ જોતાં "આ કોઈ ખરેખરા અત્યુત્તમ મહાત્મા છે" એવો જે વિચાર થયો તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૨૦ **ગેંડો**—કોઈ શ્રાવક નવા યૌવનના મદથી સ્ત્રીઆદિકમાં અત્યંત મોહ પામેલો હતો, તે ધર્મ કર્યા વિના જ મરણ પામીને ગેંડો થયો. (જેને ચાલતાં બન્ને પડખે ચર્મ લટકતા હોય અને મસ્તકપર કપાળના મધ્યમાં એક શીંગડું હોય એવો હિંસક પશુવિશેષ તે ગેંડો કહેવાય છે.) તે અરણ્યમાં પશુઓને તથા મ-નુષ્યોને મારી નાખવા લાગ્યો. એકદા તેણે માર્ગમાં જતાં કોઈ સાધુને જોયા. તેને તે કોઈ રીતે મારી શક્યો નહીં, તેથી ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, એટલે હિંસકપણું તજી દઈ અનશન કરીને દેવલોકમાં ગયો. તે તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

૨૧ **થૂભ**—વિશાલા નગરીમાં કૂલવાલક મુનિએ વિશાલા નગરીના ભંગના અભિપ્રાયથી મુનિસુવ્રતસ્વામીની પાદુકાના થૂભને ઉખેડી નાંખવાનું લોકોને સમ-જાવી તે થૂભ ઉખેડી નખાવ્યો, તેમાં તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

આ વિગેરે બીજાં પણ પારિણામિકી બુદ્ધિ ઉપર અનેક ઉદાહરણો જાણવાં.

**ચાર પ્રકારની બુદ્ધિ ઉપરનાં ઉદાહરણો સંપૂર્ણ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિતશિક્ષાના રાસનું રહસ્ય.

( અનુસંધાન પૃષ્ટ ૬૩ થી )

ગત અંકમાં પત્રજીવાની નવકારવાળીને 'અંગે એ વસ્તુ સમજવામાં આવતી નથી' એમ 'પૃષ્ટ ૯૦ની નોટમાં લખ્યું હતું, તે સંબંધી મુની રત્નવિજયજી લખે છે કે–" પત્રજીવા શબ્દ અશુદ્ધ છે, તેનું ખરૂં નામ પુત્રજીવા અથવા પુત્તજીવા છે. તે એક જાતિના પીપળા જેવા-વૃક્ષ છે. તેનાં ફળ સોપારી જેવાં થાય છે. આ વૃક્ષો જેપુર, પટ્ટી (પંજાબ), હરદ્વાર વિગેરે તરફ વિશેષ થાય છે. તેના ફળની માળા સંત સંન્યાસી દાદુપંથી વિશેષે રાખે છે. એ માળા મહિમાવાળી કહેવાય છે. જેને પુત્ર થતા ન હોય અથવા નાની વયમાં મરી જતા હોય તે જો આ માળા ગણે તો તેનો મૃતવત્સા દોષ નાશ પામે છે. તેથી જ એનું ગુણનિષ્પન્ન પુત્રજીવા નામ પડેલું છે. એને અપભ્રંશમાં પોતાજીવા પણ કહે છે. આ માળાઓ મેં ( મુનિ રત્નવિજયે ) નજરે પણ જોઇ છે. " આવા કારણથી જ તે જાતિની માળાનું ફળ રાસના કર્ત્તાએ વિશેષ બતાવેલું છે.

ગત અંકના પ્રાંત ભાગમાં પ્રભાતમાં ભાવવાની ભાવનામાં ભરતેશ્વરે કેવી ભાવના ભાવી છે તે જાણવાની આવશ્યકતા બતાવી છે. જે ભાવના ભાવવાથી એ છ ખંડના ભોક્તાએ આરીસાભુવનમાં કેવળજ્ઞાનપ્રાપ્ત કર્યું તે અપૂર્વ તો હોવીજ જોઇએ, એટલે તે ભાવનાનું શાબ્દિક સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે પ્રથમ તેની સમૃદ્ધિનો ચીતાર આપી તે પછી તેની ભાવના પણ બતાવવામાં આવી છે તે નીચે પ્રમાણે:—

જેની અશ્વશાળામાં રમણિય, ચતુર, અને અનેક પ્રકારના તેજી અશ્વના સમૂહ શોભતા હતા; જેની ગજશાળામાં અનેક જાતના મદોન્મત હસ્તિયો ઝુલી રહ્યા હતા; જેની સેનામાં મહા બાણાવળી સામંતો આવી રહ્યા હતા; જેના અંતઃપુરમાં નવયૌવના સુકુમારિકા અને મુગ્ધા સ્ત્રિયો સહસ્ત્ર ગમે વિરાજી રહી હતી; જેના ધનનિધિમાં ચંચળા એ ઉપમાથી વિદ્વાનોએ ઓળખેલી સમુદ્રની પુત્રી લક્ષ્મી સ્થિરરૂપ થઇ હતી; જેની આજ્ઞાને દેવ દેવાંગનાઓ આધીન થઇને મુકટ પર ચડાવી રહ્યા હતા; જેને પ્રાશન કરવાને માટે નાના પ્રકારનાં ષડ્રસ ભોજનો પળે પળે નિર્મિત થતાં હતા; જેનાં કોમળ કર્ણના વિલાસને માટે ઝીણાં અને મધુર સ્વરી ગાયનો કરનારી વારાંગનાઓ તત્પર રહેતી હતી; જેને નિરીક્ષણ કરવા માટે અનેક પ્રકારનાં નાટક ચેટક થતાં હતાં; જેની યશકીર્ત્તિ વાયુરૂપે પ્રસરી જઇ આકાશ જેવી સર્વત્ર વ્યાપ્ત હતી; જેના શત્રુઓને સુખથી શયન કરવાનો વખત આવ્યો નહોતો; અથવા જેના વૈરીની

For Private And Personal Use Only

વનિતાઓનાં નયનથી સદૈવ આંસુ ટપકતાં હતાં; જેનાથી કોઈ શત્રુવટ દાખવવા તો સમર્થજ નહોતું પણ સામી નિર્દોષતાથી આંગળી ચિંધવાને પણ કોઈ સમર્થ નહોતું; જેની સમક્ષ અનેક મંત્રીઓનો સમુદાય તેની કૃપાની નિસંગણા કરતો હતો; જેનું રૂપ, કાંતિ અને સૌંદર્ય એ મનોહારી હતાં; જેને અંગે મહાન્ બળ, વીર્ય, શક્તિ અને ઉગ્ર પરાક્રમ ઉછળતું હતું; ક્રિડા કરવાને માટે જેને મહા સુગંધીમય બાગ બગીચા અને વનોપવન હતાં; જેને ત્યાં પ્રધાન કુળદિપક પુત્રનો સમુદાય હતો; જેની સેવામાં લાખો ગમે અનુચરો સજ્જ થઈ ઉભા રહેતા હતા; જે પુરૂષ જ્યાં જ્યાં પ્રવેશ કરતો ત્યાં ત્યાં ખમા ખમાથી અને કંચન--કુલ તથા મૌક્તિકના થાળથી વધાવાતો હતો; જેના કુમકુમવર્ણા પાદપંકજનો સ્પર્શ કરવાને ઇંદ્ર જેવા પણ તલસી રહેતા હતા; જેની આયુધશાળામાં મહા યશોમાન દિવ્ય ચક્રની ઉત્પત્તિ થઈ હતી; જેને ત્યાં સામ્રાજ્યનો અખંડ દીપક પ્રકાશમાન હતો; જેને શીરે મહાન્ છ ખંડની પ્રભુતાનો તેજસ્વી અને ચળકાટમાન મુકુટ વિરાજીત હતો; કહેવાનો હેતુ કે જેનાં સાહિત્યનો, જેનાં દળનો, જેનાં નગર-પુરપાટણનો, જેના વૈભવનો અને જેના વિલાસનો સંસાર સંબંધે કોઈ પણ પ્રકારે ન્યૂનભાવ નહોતો; એવો તે શ્રીમાન્ રાજરાજેશ્વર ભરત પોતાના સુંદર આરીસા-ભુવનમાં વસ્ત્રાભૂષણથી વિભૂષિત થઇ મનોહર સિંહાસનપર બેઠો હતો; ચારે બાજુનાં દ્વાર ખુલ્લાં હતાં; નાના પ્રકારના ધૂપનો ધૂમ્ર સૂક્ષ્મ રીતે પ્રસરી રહ્યો હતો, નાના પ્રકારનાં સુગંધી પદાર્થો મઘમઘી રહ્યા હતા; નાના પ્રકારનાં સુસ્વરયુક્ત વાજીત્રો યાંત્રિક કળાવડે સ્વર ખેંચી રહ્યાં હતાં; શીતળ, મંદ અને સુગંધી એમ ત્રિવિધ વાયુની લહરીઓ છુટતી હતી; આભૂષણાદિક પદાર્થોનું નિરિક્ષણ કરતાં કરતાં એ શ્રીમાન્ રાજરાજેશ્વર ભરત તે ભુવનમાં અપૂર્વતાને પામ્યો, એટલામાં એના હાથની એક આંગળીમાંથી વીંટી નીકળી પડી. ભરતનું ધ્યાન તે ભણી ખેંચાયું; અને આંગળી કેવળ અડવી જણાઇ. નવ આંગળીઓ વીંટીવડે કરીને જે મનોહરતા ધરાવતી હતી તે મનોહરતા વિનાની આ આંગળીપરથી ભરતેશ્વરને અદ્ભૂત મૂળોત્તર વિચારની પ્રેરણા થઇ. શા કારણથી આ આંગળી આવી લાગવી જોઇએ? એ વિચાર કરતાં 'વીંટીનું નીકળી પડવું એ કારણ' એમ તેને સમજાયું. તે વાતને વિશેષ પ્રમાણભૂત કરવા બીજી આંગળીની વીંટી તેણે ખેંચી લીધી. એ બીજી આંગળીમાંથી જેવી વીંટી નીકળી તેવી તે આંગળી પણ અશોભ્ય દેખાઇ; વળી એ વાત સિદ્ધ કરવાને તેણે ત્રીજી આંગળીમાંથી પણ વીંટી સેરવી લીધી, એથી વિશેષ પ્રમાણ થયું; વળી ચોથી આંગળીમાંથી વીંટી કાઢી લીધી એટલે એણે પણ એવો જ દેખાવ દીધો. એમ અનુક્રમે દશે આંગળીઓ અડવી કરી મૂકી. અડવી થઇ જવાથી સઘળીનો દેખાવ અશોભ્ય દેખાયો. અશોભ્ય દેખાવાથી રાજરાજેશ્વર અન્યત્વ ભાવનામાં ગદગદીત થઇ

એમ બોલ્યા:—"અહોહો ! કેવી વિચિત્રતા છે કે ભૂમિમાંથી ઉત્પન્ન થએલી વસ્તુને ટીપીને કુશળતાવડે ઘડવાથી મુદ્રિકા બની; એ મુદ્રિકાવડે મારી આંગળી સુંદર દેખાઇ, એ આંગળીમાંથી મુદ્રિકા નીકળી પડતાં એથી વિપરીત દેખાવ દીધો, વિપરીત દેખાવાથી અશોભ્યતા અને અડવાપણું ખેદરૂપ થયું. અશોભ્ય જણાવાનું કારણ માત્ર 'વીંટી નહીં' એજ ઠર્યું કે? જો વીંટી હોત તો તો એવી અશોભા હું ન જોત. એ મુદ્રિકાવડે મારી આ આંગળી શોભા પામી, એ આંગળીવડે આ હાથ શોભે છે, અને એ હાથવડે આ શરીર શોભા પામે છે. ત્યારે એમાં હું શોભા કોની ગણું? અતિ વિસ્મયતા ! મારી આ મનાતી મનોહર કાંતિને વિશેષ દિપ્ત કરનાર તે મણિ માણિક્યાદિના અલંકારો અને રંગ બેરંગી વસ્ત્ર ઠર્યા; એ કાંતિ મારી ત્વચાની શોભા ઠરી; એ ત્વચા શરીરની ગુપ્તતા ઢાંકી સુંદરતા દેખાડે છે: અહોહો ! આ મહા વિપરીતતા છે! જે શરીરને હું મારૂં માનું છું તે શરીર તે માત્ર ત્વચાવડે, તે ત્વચા કાંતિવડે, અને તે કાંતિ વસ્ત્રાલંકારવડે શોભે છે; ત્યારે શું મારા શરીરની તો કંઇ શોભા નહીં જ કે ! રૂધિર, માંસ અને હાડનો જ કેવળ એ માળો કે ! અને એ માળો તો હું કેવળ મારો માનું છું. કેવી ભૂલ ! કેવી ભ્રમણા ! અને કેવી વિચિત્રતા છે ! કેવળ હું પરપુદ્ગળની શોભાથી શોભું છું. કોઇથી રમણિયતા ધરાવતું શરીર તે મારે મારૂં કેમ માનવું? અને કદાપિ એમ માનીને હું એમાં મમત્વભાવ રાખું તોપણ તે કેવળ દુઃખપ્રદ અને વૃથા છે. આ મારા આત્માનો એ શરીરથી એક કાળે વિયોગ થવાનો છે ! આત્મા જ્યારે બીજા દેહને ધારણ કરવા પરવરશે ત્યારે આ દેહ અહીં પડ્યો રહેશે એમાં કંઈ શંકા નથી. એ કાયા મારી નથી થઇ અને નહીં થાય, ત્યારે હું એને મારી માનું છઉં કે માનું એ કેવળ મૂર્ખતા છે. જેનો એક કાળે વિયોગ થવાનો છે અને જે કેવળ અન્યત્વભાવ ધરાવે છે તેમાં મમત્વપણું શું રાખવું? અને જ્યારે તે મારી થતી નથી ત્યારે મારે એનું થવું શું ઉચિત છે ? નહીં નહીં, એ જ્યારે મારી નહીં ત્યારે હું એનો નહીં; એમ વિચારૂં, વિચાર દ્રઢ કરૂં, અને તેવું પ્રવર્તન કરૂં; એજ મારી વિવેકબુદ્ધિનું તાત્પર્ય છે. આ આખી સૃષ્ટિ અનંત ચીજોથી અને અનંત પદાર્થોથી ભરેલી છે; તે સઘળા પદાર્થ કરતાં જેના જેટલી કોઇ પણ વસ્તુ પર મારી પ્રિયતા નથી, તે વસ્તુ મારી ન થઇ તો પછી બીજી કઇ વસ્તુ મારી હોય? અહો ! હું બહુ ભૂલી ગયો. મિથ્યા મોહમાં લથડી પડ્યો. તે નવયૌવનાઓ, તે માનેલા કુળદીપક પુત્રો, તે અઢળક લક્ષ્મી, તે છ ખંડનું મહાન્ સામ્રાજ્ય એ મારાં નથી. એમાંનું લેશ માત્ર પણ મારૂં નથી; એમાં મારો કિંચિત્ભાગ પણ નથી. જે કાયાથી હું એ સઘળી વસ્તુનો ઉપભોગ લઉં છું; તે ભોક્તા વસ્તુ જ્યારે મારી ન થઇ ત્યારે બીજી મારી માની બેઠેલી વસ્તુ, સ્નેહી, કુટુંબી ઇત્યાદિક મારાં

શું અમારાં હતાં ? નહીં, કદાપિ નહીં ! એ મમત્વભાવ મારે કરવો નથી ! એ પુત્ર, એ મિત્ર, એ કલત્ર, એ વૈભવ અને એ લક્ષ્મીને મારે મારાં માનવાં જ નહિ ! હું એનો નહીં; ને એ મારાં નહીં ! પુન્યાદિક આપીને મેં જે જે વસ્તુ પ્રાપ્ત કરી છે તે તે વસ્તુ મારી ન થઈ એના જેવું સંસારમાં બીજું શું ખેદમય છે ! મારા ઉગ્ર પુન્યનું પરિણામ આજ કે ? છેવટ એ સઘળાંનો વિયોગ જ કે ? પુન્યત્વનું એ ફળ પામીને એની વૃદ્ધિને માટે જે જે પાપ કર્યાં તે તે મારા આત્માએ ભોગવવાં જ કે ? તે પણ એકલાએ જ કે ? એમાં કોઈ સહીયારી નહીં જ કે ? નહીં નહીં. એ અન્યત્વ ભાવવાળા માટે તેનાપર મમત્વભાવ દર્શાવી, આત્માનો અનહિતૈષી થઈ, હું રૌદ્ર નર્કનો ભોક્તા કરૂં એના જેવું કયું અજ્ઞાન છે? એવી કઈ ભ્રમણા છે ? એવો કયો અવિવેક છે ? ત્રેસઠ શલાકા પુરૂષમાંનો હું એક ગણાયો; તોય આવાં કૃત્ય ટાળી શકું નહીં, અને પ્રાપ્ત કરેલી પ્રભુતાને ખોઈ બેસું, એ કેવળ અયુક્ત છે. એ પુત્રોનો, એ પ્રમદાઓનો, એ રાજવૈભવનો અને એ વાહનાદિક સુખનો મારે કશો અનુરાગ નથી ! મમત્વ નથી ! "

પૂર્ણ વૈરાગ્યનું રાજરાજેશ્વર ભરતના અંતઃકરણમાં આવું ચિત્ર પડ્યું કે તત્કાળ અજ્ઞાનરૂપ તિમિરપટ ટળી ગયું, શુક્લધ્યાન પ્રાપ્ત થયું, અશેષ કર્મ બળીને ભસ્મીભૂત થયાં !!! મહા દિવ્ય અને સહસ્ત્રકીરણથી પણ અનુપમ કાંતિમાન કેવલ્યજ્ઞાન પ્રગટ થયું. તેજ વેળા એણે પંચ મુષ્ટિ કેશલુંચન કર્યું, શાસનદેવીએ એને સંતસાજ આપ્યો; અને તે મહા વૈરાગી, સર્વજ્ઞ, સર્વદર્શી થઈ, ચતુર્ગતિ, ચોવીશ દંડક, તેમજ આધિ, વ્યાધિ અને ઉપાધિથી વિરક્ત થયા. ચપળ સંસારનાં સકળ સુખવિલાસથી એણે નિવૃત્તિ પ્રાપ્ત કરી. પ્રિયાપ્રિય ગયું અને તે નિરંતર સ્તવવા યોગ્ય પરમાત્મા થયા.

આવો એ છ ખંડનો પ્રભુ. દેવના દેવ જેવો, અઢળક સામ્રાજ્ય લક્ષ્મીનો ભોક્તા, મહાઆયુનો ધણી, અનેક રત્નની યુક્તતા ધરાવનાર, રાજરાજેશ્વર ભરત આદર્શભુવનને વિષે અન્યત્વભાવના ઉપજવાથી શુદ્ધ વૈરાગી થયો !

ખરેખર ભરતેશ્વરનું મનન કરવા યોગ્ય ચરિત્ર સંસારની શોકાર્ત્તતા અને ઔદાસિન્યતાનો પૂરેપૂરો ભાવ, ઉપદેશ અને પ્રમાણ પ્રદર્શિત કરે છે. કહો ! એને ત્યાં કયી ખામી હતી ? નહોતી એને ત્યાં નવયૌવન સ્ત્રિયોની ખામી, કે નહોતી રાજઋદ્ધિની ખામી, નહોતી વિજયસિદ્ધિની ખામી કે નહોતી નવનિધિની ખામી; નહોતી પુત્ર સમુદાયની ખામી કે નહોતી કુટુંબ પરિવારની ખામી; નહોતી રૂપ કાંતિની ખામી કે નહોતી યશોકીર્તિની ખામી; આગળ કહેવાઈ ગયેલી તેની ઋદ્ધિનું એમ પુનઃ સ્મરણ કરાવી પ્રમાણથી શિક્ષાપ્રસાદીનો લાભ આપીએ છીએ કે ભરતેશ્વરે વિવેકથી અન્યત્વના સ્વરૂપને જોયું, જાણ્યું, અને સર્પ–કંચુકવત્ સંસાર–પરિત્યાગ કરી તેનું મિથ્યા મમત્વ સિદ્ધ કરી આપ્યું. મહા વૈરાગ્યની અચળતા, નિર્મમત્વતા અને આત્મશક્તિનું પ્રફુલ્લિત થવું, આ મહા યોગીશ્વરના ચારિત્રમાં રહ્યું છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

ઉપર બતાવેલા સાતે પુરૂષનું ચરિત્ર–તેની ભાવના વારંવાર મનન કરવા જેવા છે. ગ્રંથના કર્તા અહીં પ્રસંગોપાત સમભાવની પુષ્ટિ કરે છે.

“ શ્વેતાંબર હો યા દિગંબર હો, બુદ્ધ હો અથવા અન્ય હો પણ જે સમભાવે આત્માને ભાવે તે મોક્ષને પામે તેમાં સંદેહ નથી. ” સંબોધસિત્તરી.

મોક્ષપ્રાપ્તિ માટે કોઈ અમુક ધર્મનો કંત્રાક્ટ નથી કે તે ધર્મવાળા જ પામે, પરંતુ તેનો કંત્રાક્ટ સમભાવે રાખેલો છે. એટલે સમભાવ શત્રુમિત્રમાં સમાનતા, સ્વજન પરજનમાં સમાનતા, નિંદક પૂજકમાં સમાનતા, કંચન ને પાષાણમાં સમાનતા, લાભાલાભમાં સમાનતા, ઈત્યાદિ સર્વત્ર વિસમાન વસ્તુ–પદાર્થ–વ્યક્તિમાં પણ જેને રાગદ્વેષ નાશ પામવાથી સમાન ભાવ થયેલ હોય તે અવશ્ય સર્વ કર્મથી વિમુક્ત થઇ મોક્ષ પામી શકે છે. અહીં જો કે કોઇ પણ ધર્મના નામ સાથે આગ્રહ ધરાવવાનો નથી તો પણ એવો સમાન ભાવ કયા ધર્મશાસ્ત્રમાં બતાવ્યો છે, કયા ધર્મના ઉપદેશકો એવો સમાન ભાવ ધરાવે છે અને ઉપદિશે છે, કયા ધર્મના દેવ એવી સમાનતાવાળા, સર્વથા રાગ દ્વેષથી રહિત છે તે જાણવાની જરૂર છે અને જ્યાં એવો સમભાવ દેવ ગુરૂ અને ધર્મમાં દેખાય તેનું સેવન કરવાની જરૂર છે.

દમદંત નામના મુનિને પૂર્વના દ્વેષથી કૌરવે હણ્યા અને પાંડવોએ પૂર્વનો દ્વેષ મનમાં ન લાવતાં મુનિગુણની અપૂર્વતાને જોઇને સ્તવ્યા, છતાં તે બંને ઉપર જેમણે સમભાવ રાખ્યો તે મુનિ ખરેખર વંદનીય છે.

ક્રોધને ઉપશમવડે હણવો, માનને મૃદુભાવથી હણવો, માયાને સરલતાવડે હણવી અને લોભને સંતોષવડે હણવો. આ ચાર કષાય હણવાથી જ સમભાવ પ્રકટ થાય છે; તે સિવાય સમભાવ પ્રકટ થઇ શકતો નથી.

આ સંસારમાં રાજાનાં, ચક્રવર્ત્તિનાં, દેવતાનાં અને ઇંદ્રાદિકનાં સુખો વખણાય છે, પરંતુ એ સર્વ સુખો કરતાં સમભાવનું સુખ અનંતગણું છે. તેનો કોઇ પાર પામે તેમ નથી.

પ્રાતઃકાળમાં અન્ય સર્વ સંકલ્પ તજી દઇ જે જીવ જિનેશ્વરને જપે અને એક સ્થાને સ્થિર બેસી તેનું ધ્યાન ધરે તો તેથી તેની બુદ્ધિ નિર્મળ થાય છે અને તેને પરિણામે તે જીવ મોક્ષ મેળવવા ભાગ્યશાળી થાય છે.

મોક્ષના અર્થી જીવો પ્રભાતમાં નવપદના ધ્યાનમાં જ લય લગાવે છે. પછી બે ઘડી રાત્રી રહે ત્યારે–યોગ્ય અવસરે શ્રાવક પ્રતિક્રમણ કરે છે. તેની વિધિ અને તેના હેતુઓ અન્ય શાસ્ત્ર–ધર્મસંગ્રહાદિકથી અથવા ગુરૂગમથી જાણવા યોગ્ય છે. શુદ્ધ અને સંપૂર્ણ ઉચ્ચાર સાથે, અર્થની વિચારણા કરતાં જો પ્રતિક્રમણ કરવામાં આવે તો જ

તે સંપૂર્ણ ફળદાયક થાય છે; અશુદ્ધ ઉચ્ચારથી ...ની શીઘ્ર પ્રમાદ
વિચાર કરવામાં આવતું પ્રતિક્રમણ તથાવિધ ફળ ...ું નથી.

પ્રતિક્રમણ એ આવશ્યક ક્રિયા છે, તેથી શ્રાવ ...સાંજ અવશ્ય કરવા યોગ્ય
છે. પ્રતિક્રમણના પ્રાંત ભાગમાં છઠ્ઠા આવશ્યકને ...ાવકે યથાશક્તિ પ્રત્યા-
ખ્યાન કરવાનું છે. એક દિવસ પણ પ્રત્યાખ્યાન વિ ...ા ન જોઈએ. તિથિ પર્વા-
દિક હોય તો ઉપવાસ, આંબિલ, એકાશન વિગેરે ...ને સામાન્ય દિવસોએ
છેવટ નવકારશી તો જરૂર કરવી. બે ઘડી દિવસ ચ... મુઠી વાળી ત્રણ નવકાર
ગણીને પારવામાં આવે તેને નવકારશી ( નમુક્કારસ ...હેવામાં આવે છે.

હવે પ્રતિક્રમણ કર્યા પછી શ્રાવક શું કરે તે ...ીના અંકમાં રોશન કર-
વામાં આવશે. અપૂર્ણ.

## સુબોધ વ્યાખ્યા

તમે વીર ભગવાનનાં બાળકો સર્વ એક સંગે ...ર્વના મનનું ઐક્ય કરો,
તમારો સંકલ્પ સમાન કરો, તમારું હૃદય સમાન ક... તમારી અવશ્ય ઉન્નતિ
થશે, તમે સર્વ એકસંપ થઇને ચાલો, વિવાદ અને ક... ત્યાગ કરો. આ પદ્ધતિ જો
તમે ગ્રહણ કરશો તો તમારી સફળતા થશે. અમે ...ગચ્છના છીએ, અમારું
ધર્મકર્તવ્ય આવું છે, અમારા દેવ આવા છે, તેવું ... વગરનું બોલવું બંધ
કરો અને આપણે તમામ જૈનકોમ વીર જિનેશ્વરના ... છીએ, આપણો ધર્મ
એક છે, આપણા દેવ પણ એક જ છે, એવી જો ... ગ્રહણ કરશો તો જરૂર
તમારો અભ્યુદય થશે અને વીરધર્મનો જય થશે.

આત્માથી પરમાત્માને જાણવા એ ખરો ધર્મ ...આમાં ઇશ્વરને જોવાથી
સર્વત્ર તેને જોઇ શકાય છે. આત્માને જો નહિ જાણો ...ર્મ શૂન્ય છે. આત્મા પર-
માત્મજ્ઞાનનું મૂળ છે. શરીરની તંદુરસ્તીને માટે જેમ ... નિયમિત રીતે ખાઓ
છો, તેમ આત્માની તંદુરસ્તીને માટે હરરોજ પરમાત... ઉપાસના કરવી, એથી
આત્માનું કલ્યાણ થશે.

પરમાત્માની પ્રીતિની કામનામાં ભાઇ, બેન, ...ભાર્યા અને સંતતિની
અપરાજિત ચિત્તથી પાલના કરવી અને તેઓનું શા... માનસિક, આધ્યાત્મિક
કલ્યાણ કરવું.

સાધુશીલા સ્ત્રીની સાથે લગ્ન કરવું, બીમાર, ...ીન તથા ખરાબ ચ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિંસાચારીની સાથે લગ્ન કરવું નહિ. સ્ત્રી અને પુરૂષમાં ... ઈ ચરિત્ર ...
અસંગાળની ઉત્પત્તિ થાય છે. એટલા માટે પરસ્પરનાં ... સુશીલતા ...
બંધનમાં બંધાવું. પત્નીએ સ્વામીની સહધર્મિણી થ ... , સહકર્મિણી થવું
કન્યા વેચવી નહિ અને પોતે પણ લાલચુ થઈને કન્ ... વેચાણ લેવી નહિ
પણ અનુકૂળ નથી. સ્વામીની પ્રિયકારિણી, હિતકારિ ... , સદાચારી, ઇતેં ...
પ્રત્યે જેમ મનુષ્યો સંતુષ્ટ થઇ જાય છે તેમ તેના પ્રત્યે ... ઘર પણ સંતુષ્ટ ...
સદુપદેશ આપવો, ઉત્તમ દૃષ્ટાંત દેખાડવાં અને પ્રીતિ ... થા સમાદરથી તે
લન કરવું. સાધ્વી સ્ત્રીનો પુરૂષે કદાપિ પરિત્યાગ કર ... નહિ. ખરાબ ...
ર્શનથી અને અભદ્ર શ્રવણથી મન ખરાબ થાય છે. ... બ ખુશખુશાલીમાં
મલીન થઇ જાય છે.

આત્માદ્વારા જે આત્મા વશીભૂત થયો છે તે અ ... ા જ આત્માનો ...
ઇન્દ્રિયોદ્વારા વશીભૂત થયો છે તે આત્મા જ આત્મા ... રિપુ છે. જેટલા
કરવામાં આવશે તેટલી વિષયતૃષ્ણા વધશે, એટ ... માટે સંતોષનું
કરવું અને ખરી તૃપ્તિની જગ્યા સંસારાતીત જાણી ... સંસારની આસક્તિ
સુખ હોય કે દુઃખ હોય, પ્રિય બનાવ બને કે ... પ્રિય બનાવ બને
સર્વદા આ લક્ષ રાખવું કે તેનાથી મન અસ્થિર ... થાય. મનમાં ધ...
થવા દેવો નહિ, સંતાપનું કારણ જણાય તો ... ર્ય અને વિવેક...
તેનાથી પોતાનો બચાવ કરવો. પોતાની પ્રશ ... ા તથા પારકાની
ત્યાગ કરવો. સદા સત્યવ્રત રહેવું. મનને સત્યના ... નુગત કરવું, વચન
અનુગત કરવાં અને આચરણને સત્યનાં અનુગત ... વાં. જેથી સત્યને
ન થાય. લોકને પ્રીતિ તથા કલ્યાણ ઉત્પન્ન થાય તે ... વાક્ય કહેવાં. જે
પરંતુ તે કહ્યાથી કોઇના હૃદયમાં ખેદ થાય તેમ હે ... તે વચન સંયત કર
ધર્મના અનુરોધથી આવશ્યક ન હોય તેવાં વચન ... કહેવાં નહિ, પ્રિય
ખોટાં વાક્ય એકદમ ત્યાગ કરવાં. વાક્યમાં સત્યવાદી ... તું અને વ્યવહાર
રાયણ થવું. સત્યના જેવો બીજો ધર્મ નથી, સત્યથી ... ત્કૃષ્ટ વસ્તુ બીજી ...
અને આ લોકમાં ખોટાના જેવું પુણ્યને કાપી ... નાર બીજું કાંઇ
પોતાની તથા પોતાના કુટુંબની આજીવિકા માટે અ ... ાયપૂર્વક ધનોપાર્જન
નહિ. જે ઇશ્વરે ધર્મજ્ઞાન આપ્યું છે તેની આજ્ઞા પ ... ી, એ આ ક્ષણભંગુર
રક્ષા કરવા કરતાં મ્હોટું કામ છે. જો અન્યાયને રર ... વાળી જીવન ધાર
આવે તો તે જીવતર ખરેખર મૃત્યુતુલ્ય છે; અને જો ... ત્યની રક્ષાની ખાતર
મૃત્યુ થાય તો તે મૃત્યું પણ આપણું જીવન છે. હું ... ં પોતાને શિક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાને શાસન કરવું, પોતાને ધર્મપરાયણ કરવું, જે પોતાની ઇંદ્રિયો અને અંતઃકરણને વશ કરી શકે છે તેને કલેશ ભોગવવાનું કાંઈપણ કારણ રહેતું નથી. જે પોતાને દમન કરી શકતો નથી તેને ચારે બાજુથી દુઃખ વેઠવું પડે છે.

સંપદમાં ને વિપદમાં ધીરજ રાખી જે માણસ શુદ્ધ મનથી ક્ષમાની પ્રાર્થના કરે છે તે હજારો દોષથી દુષિત હોવા છતાં પણ તેને ક્ષમા કરવી. વિકારજનક પ્રલોભનમાં ઘેરાયા છતાં અંતઃકરણને વિકાર પ્રાપ્ત ન થાય એવી રીતે આત્માને વશીભૂત કરવો. શઠની પણ નજર ચુકાવીને અથવા ઠગીને તથા બળજોરીથી પરદ્રવ્ય ગ્રહણ કરવું નહિ. કાયિક, માનસિક, વાચિક દોષનું પ્રક્ષાલન કરીને સર્વ પ્રકારે સુખી થવું. ઇંદ્રિયોને શાસનમાં રાખવી, બુદ્ધિને માર્જિત રાખવી, જ્ઞાનનો અભ્યાસ કરવો, સત્ય વાત કહેવી અને ક્રોધને વશીભૂત રાખવો એજ ધર્મનાં લક્ષણ છે.

જે ઇશ્વરની ભક્તિ કરે છે અને મનુષ્યપર પ્રીતિ કરે છે તેજ સાધુ છે. તે કદીપણ અન્યને અપવાદ આપીને આનંદિત થતો નથી, કેમકે મનુષ્ય તેને પ્રિય છે. તે કોઈના દોષ જોવાથી દુઃખી થાય છે અને પ્રીતિપૂર્વક તેને સુધારવાનો યત્ન કરે છે. તે મનુષ્યને મનુષ્ય સમજીને પ્રીતિ કરે છે. તે કોઈમાં સદ્ગુણ જુએ છે તો આનંદિત થાય છે અને કોઈમાં દોષ જુએ છે તો દુઃખિત થાય છે. તેને સુખ અને દુઃખ બંનેમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે, તેથી તે ખુશીની સાથે કોઈના દોષ કહી શકતા નથી. પિતા માતા જેમ પુત્રને પુત્ર સમજીને જ પ્રીતિ કરે છે ને તેથી જ પુત્રના ગુણ જોવાથી સુખી થાય છે અને દોષ જોવાથી હૃદયમાં દુઃખી થાય છે, તેમ માણસને કેવળ માણસ જાણીને પ્રીતિ કરવાનું શિક્ષણ લેવું; તેમ કરવાથી બીજાના અપવાદમાં મન આનંદિત થશે નહિ. જે માણસ બીજાના દોષ જોઈને અને બીજાના દોષ કહીને હૃદયમાં સુખનો અનુભવ કરે છે તેનું હૃદય ઘણું ક્ષુદ્ર છે. તેની ક્ષુદ્રતાને સુધારવાને સર્વદા યત્નવાન્ થવું. વિનયવાન્ માણસ ધર્મનો લાભ મેળવવાને સમર્થ થાય છે અને વિનયી માણસો જ સંસારમાં ઉન્નતિ કરી શકે છે. વિનય વગરનો માણસ સર્વની આગળ ધિક્કારને પાત્ર થાય છે. જો સંપત્તિ હોય અને તેની સાથે વિનય હોય તો તેની શોભા વધે છે. જો વિપત્તિ પડી હોય તો વિનયગુણવડે તેનાથી મુક્ત થવાય છે. ઇશ્વરે અંતરમાં જે સદ્ગુણો આપ્યાં હોય તેને માટે એક દિવસ પણ અહંકાર કરશો નહિ.

સારથી જેમ ઘોડાઓનો સંયમ કરે છે તેમ વિષયમાં પ્રવૃત્ત ઇંદ્રિયોને સંયમ ( વશ ) કરવી. જે વિષય ઇંદ્રિયગોચર થવાથી અંતઃકરણમાં અસત્ ભાવનો ઉદય થાય તેવા અપવિત્ર વિષયમાં તેને લગાડવી નહિ. પવિત્ર વિષયના ઉપભોગદ્વારા ઇંદ્રિયોને પરિતૃપ્ત કરીને સર્વદા જીવનનો ઉદ્દેશ બજાવવામાં લાગવું. જ્યારે જે પ્રવૃત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્પન્ન થાય ત્યારે તેમાં ઇંદ્રિયોને નિગ્રહ કરવા દેવું નહિ; પરંતુ આધ્યાત્મિક ધર્મની આજ્ઞાથી મનને સુશિક્ષિત અને વશીભૂત કરીને ઇંદ્રિયોનું દમન કરવું. મનનો સ્વેચ્છાચાર જો ઇંદ્રિયોનો અનુગામી થાય તો વાયુ જેમ નૌકાને પાણીમાં ડુબાવે છે તેમ મન પણ પુરૂષની બુદ્ધિને ડુબાવે છે. જ્યારે પ્રલોભનથી પૂર્ણ સંસારમાં રહીને મનને ધર્મમાં સ્થાપન કરવું જરૂરનું છે ત્યારે મનનું દમન નહિ કરી શકવાથી પગલે પગલે વિપત્તિ આવે છે. મન સ્વચ્છંદી થયાથી મનુષ્ય હતચેતન થઇને પાપ કાર્યમાં અને મોહમાં મુગ્ધ થાય છે. એટલા માટે શરીર ક્ષીણ ન પામે એવા ઉપાયથી મન અને ઇંદ્રિયોને વશીભૂત રાખીને ધર્મસાધન કરવું. પાપકાર્યનું ચિંતવન પણ કરવું નહિ. જેઓ મન અને વાક્ય તથા કર્મ અને બુદ્ધિથી પાપાચરણ કરતા નથી તેજ મહાત્મા છે. ધર્મમાર્ગમાં વિચરતાં ઘણું દુઃખ થતું હોય છતાં પણ અધર્મમાં મનને લગાડવું નહિ. પ્રાણથી પણ ધર્મની રક્ષા કરવી એટલે ધર્મ તમારી રક્ષા કરશે.

પરલોકમાં સહાયને માટે માબાપ, સ્ત્રી, પુત્ર, જ્ઞાતિબંધુ કોઇપણ કામ આવતાં નથી; કેવળ ધર્મજ કામ આવે છે. એકલો મનુષ્ય જન્મ લે છે, એકલો મરણ પામે છે, એકલો પોતાનું પુણ્ય ભોગવે છે અને એકલો જ પોતાની દુષ્કૃતિનું ફળ ભોગવે છે. બાંધવો ભૂમિ ઉપર મૃત શરીરનો કાષ્ટ લોષ્ટવત્ પરિત્યાગ કરી વિમુખ થઇને ગમન કરે છે; પણ ધર્મ તેનો અનુગામી થાય છે. એટલા માટે પોતાની મદદને સારૂ ધીરે ધીરે ધર્મનો સંચય કરવો. ધર્મ આ લોકનો બંધુ છે, પરલોકનો નેતા છે.

ધનથી, પુત્રથી, વૈભવથી મુક્તિ મળતી નથી; કેવળ એક માત્ર પરમાત્માની સાચી ભક્તિથી મુક્તિનો લાભ થાય છે. પશુવૃત્તિના રાજ્યમાં સ્વતંત્રતા નથી; ઇશ્વરે આત્માને સ્વતંત્રતારૂપ અલંકાર આપેલ છે. આ સ્વતંત્રતા હોવાને લીધે જ તમને ધર્મકાર્યમાં-શુભ કામમાં અધિકાર મળ્યો છે. શુદ્ધ મનથી ધર્મારાધન કરવું પણ તેના ફળ માટે વ્યાકુળ થવું નહિ. નીતિથી ગ્રહણ કરેલો ધર્મ તમને આ લોક અને પરલોકમાં ડગલે ડગલે સહાયભૂત થશે એ વાત કદાપિ ભૂલવાની નથી.

**"બોલો શ્રી વીર પરમાત્માની જય."**

**અમીચંદ કરશનજી શેઠ.**

**સ્કુલ માસ્તર, રવની. ( જુનાગઢ )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વર્તમાન સમાચાર.

### શ્રી મહુવામાં યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમની સ્થાપના.

આચાર્યશ્રી વિજયધર્મસૂરિ મહારાજના વિહારથી ગોહિલવાડની અંદર અનેક પ્રકારના લાભ થયા છે. કેળવણી ફંડો સ્થપાયા છે, હાનિકારક રિવાજો નિર્મૂળ થયા છે, ક્લેશો નાબુદ થયા છે, જાહેર ભાષણોથી જૈનેતર વર્ગમાં જૈનધર્મના અમૂલ્ય તત્ત્વો સમજાવા લાગ્યા છે અને લોકોના દિલ ગુરૂભક્તિ તરફ આકર્ષાયા છે. તેઓ સાહેબના અમોઘ ઉપદેશથી વૈશાક શુદિ ૫ મે શ્રી મહુવામાં ઉપર જણાવેલા નામનું જૈન બાળાશ્રમ ખોલવામાં આવ્યું છે. તેની અંદર શા. કશલચંદ કમળશી નામના એક ઉદાર ગૃહસ્થે પાંચહજાર રૂપિઆની રકમ આપીને પહેલ કરી છે. રૂા. ૫૦૦ ફરનીચર વિગેરે સરસામાન માટે આપ્યા છે અને બીજી પણ સારી રકમ આપવાની ઇચ્છા તેમણે પ્રદર્શિત કરી છે. શ્રીસંઘે ત્રણહજાર લગભગની રકમ એકત્ર કરી છે. આગળ પ્રયાસ શરૂ છે. બહારગામ જઇને પણ આ ખાતા માટે સહાય મેળવવાનું મુકરર થયું છે. માત્ર વ્યાજ જ ન વાપરતાં મુદ્દલ રકમ પણ વાપરવાની છુટ રાખવામાં આવી છે. મહુવા નજીકના ગામડામાં રહેનારા જૈન બાળકોને શહેરી બનાવવા માટેનો આ પ્રયાસ છે. હાલમાં ૧૫ બાળકોને ફ્રી રાખવા ઠરાવ્યું છે. પેઇંગ માટે વાર્ષિક રૂા. ૭૫)ની રકમજ ઠરાવવામાં આવી છે. હાફપેઇંગ રાખવાની સત્તા પણ કમીટીને આપી છે. ગામડામાં જ્યાં સ્કુલજ ન હોય ત્યાં એક મહેતાજીની ગોઠવણ કરીને ત્રીજી ચોપડી સુધી અભ્યાસ કરાવવાની સંકળના કરી છે. ત્રીજી ચોપડી ભણેલા બાળકને આ બાળાશ્રમમાં દાખલ કરવાનું ઠરાવ્યું છે. જનરલ કમીટી, વ્યવસ્થાપક કમીટી, સેક્રેટરીઓ વિગેરેની નિમનોક કરવામાં આવેલ છે, અને તેના ધારા-ધોરણ પણ પસાર કરવામાં આવ્યા છે. આને લગતા સમગ્ર કાર્ય માટે તેમજ અંદર અંદરનો વિચારભેદ દૂર કરાવવા માટે અમારી સભાના પ્રમુખ શા. કુંવરજી આણંદજીને મહુવાના શ્રીસંઘ તરફથી તેડાવવામાં આવ્યા હતા. તેમણે આ કાર્યમાં બનતો ભાગ લઈ બધી વ્યવસ્થા કરી આપી છે. મહારાજશ્રીનો પ્રયાસ ફળીભૂત થયો છે. ઘીની અંદર થતા દૂધના ભેળસેળને માટે પણ મહારાજશ્રીએ આખા મહાજન તરફથી પ્રતિબંધ કરાવ્યો છે, રડવા-કૂટવાના વધી પડેલા રિવાજ ઉપર અંકુશ મૂકાવ્યો છે અને ત્યાં આવતી તેમજ ત્યાંથી જતી લગ્નપ્રસંગની જાનમાં રાત્રીએ ન જમવાનો વીશાશ્રીમાળી જ્ઞાતિ તરફથી ઠરાવ કરાવવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શાંતમૂર્તિ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની જયંતી.

આ જયંતી વૈશાખ શુદ ૭ મે અને શુદ ૮ મે મહુવા અને ભાવનગર ખાતે બહુ સારી રીતે ઉજવાણી છે. વળા, તળાજા વિગેરે ઘણે સ્થળે આ પ્રસંગે જાહેર સભાઓ ભરાણી છે અને આંગી, પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્યાદિ ધર્મકાર્યો થયા છે. મહુવાની અંદર **શ્રી વિજયધર્મ સૂરિ** મહારાજ બીરાજતા હોવાથી એ પ્રસંગે સવારના વખતમાં બહુ ધામધુમ સાથે પૂજા ભણાવવામાં આવી હતી અને બપોરે જાહેર મેળાવડો થયો હતો, જેની અંદર હજાર ઉપરાંત સ્ત્રી પુરૂષોએ ભાગ લીધો હતો. **ન્યાયાધીશ મી. સુન્નાવાળાએ** મહારાજશ્રીની છબી ખુલ્લી મૂકતાં તેમના જન્મચરિત્રને બહુ સારી રીતે વર્ણવ્યું હતું. અલ્પ પરિચયમાં પણ તેમનો ભાવ સૂરિ ઉપર વિશેષ દ્રઢ થવાથી તેમણે ગુરૂમહારાજના લેખી ચરિત્રનું અવલોકન કરી તેનો તમામ સાર કહી બતાવ્યો હતો. આ પ્રસંગે **શ્રી વિજયધર્મ સૂરિ** તરફથી અને અમારી સભાના પ્રમુખ **મી. કુંવરજી આણંદજી** તરફથી બહુ અસરકારક ભાષણો થયા હતા. અને ગુરૂમહારાજમાં રહેલું ખરેખરૂં મહાત્માપણું શ્રોતાવર્ગના હૃદયમાં અંકિત થઇ ગયું હતું. ગુરૂમહારાજના ગુણાનુવાદ માટે, તેમના ગુણસ્મરણ માટે અને તેનું અનુકરણ કરવાની તત્પરતા થવા માટે આ બહુ શ્રેષ્ટ ઉપાય છે.

ભાવનગરની અંદર આ શુભ પ્રસંગે દાદાવાડીના મંદિરમાં આંગીપૂજા થઇ હતી, એ મહાત્માના નામથી સ્થપાયેલી જૈન વિદ્યાશાળાના વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું, શ્રાવકવર્ગે દુકાનો બંધ રાખી હતી, માછીની જાળ છોડાવવામાં આવી હતી અને બપોરના સમયે એક જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. જેની અંદર સંખ્યાબંધ શ્રાવક શ્રાવિકાઓ ઉપરાંત જૈનેતર બંધુઓએ પણ ભાગ લીધો હતો. **મુનિરાજશ્રી ઉત્તમવિજયજી** તથા **પંન્યાસજી શાંતિવિજયજી** અગ્ર સ્થાને બીરાજ્યા હતા. **મુનિરાજશ્રી લલિતવિજયજીએ** ગુરૂમહારાજ સાથે આત્મપરિચય પ્રદર્શિત કરી ઘણું અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું. તે વ્યાખ્યાનના અક્ષરે અક્ષર હૃદયમાં કોરી રાખવા લાયક હતા. સ્થળસંકોચના કારણથી તે વ્યાખ્યાન અમે અહીં આપી શક્યા નથી; પરંતુ ( **જૈનપત્રમાં** ) તે છપાયેલ છે તેમાંથી વાંચી લેવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. આવા મહાત્માઓના નામસ્મરણથી, ચરિત્ર સ્મરણથી અને ગુણાનુવાદ કરવાથી આપણામાં તેવા ગુણોનો આવિર્ભાવ થાય છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે.

## શ્રી કુંડલામાં ક્લેશનું નિર્મૂળ થવું.

**શ્રી વિજયધર્મ સૂરિ મહારાજ** મહુવાથી વિહાર કરી માર્ગમાં ઉપકાર કરતાં કરતાં કુંડલે પધાર્યા છે. ત્યાં વીશાશ્રીમાળી જ્ઞાતિમાં અથવા જૈન સમુદાયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાર વર્ષનો આશુક કારણુસર કલેશ અને કુસંપે પ્રવેશ કર્યો હતો અને તેથી ઉંચા નીચા થયેલા હતા. મહારાજશ્રીના ઉપદેશની અસર જૈન સમુદાય ઉપર બહુ સારી થવાથી તેમણે એ કુસંપને પોતાના શત્રુ તરીકે ઓળખ્યો હતો. આ પ્રસંગે ત્યાંના સંઘ તરફથી અમારી સભાના પ્રમુખ શેઠ. કુંવરજી આણંદજીને તેડાવવામાં આવ્યા હતા. તેમણે પણ કલેશને નિર્મૂળ કરવા બનતો પ્રયાસ કર્યો હતો. તેને પરિણામે વૈશાખ વદિ ૮ મે એ કલેશ નિર્મૂળ થયો છે. જૈન સમુદાય એકત્ર સ્વામીવચ્છલમાં જમ્યો છે. ભાવનગરવાળા શા. આણંદજી પુરૂષોત્તમ તથા કુંડલાવાળા સંઘવી મેઘજી તેજપાળ તરફથી એ લાભ લેવામાં આવ્યો છે. આ પ્રસંગની ખુશાલીમાં રથયાત્રાનો વરઘોડો કાઢી શ્રી સિદ્ધાચળ સામે જઇ દર્શનનો લાભ લઈ સૌએ એક સાથે સાકરનાં પાણી પીધાં છે. અને આખા સમુદાયમાં આનંદ વર્તાણો છે.

મહારાજજીના ઉપદેશથી કુંડલા જૈન કેળવણી ફંડ ઉઘાડવામાં આવ્યું છે. તેની અંદર ત્રણ વર્ષને માટે દર વર્ષે આપવાની રૂ. ૫૦૦) લગભગ રકમ ભરાણી છે. આ ફંડની વ્યવસ્થાપક કમીટી નીમવામાં આવી છે અને તેના ધારા ધોરણ પણ મુકરર કરી આપવામાં આવ્યા છે.

કેટલાક હાનિકારક રીતરીવાજો ઉપર મહારાજશ્રીના ઉપદેશથી અંકુશ મૂકાણા છે, જૈન કન્યા કેળવણીની વૃદ્ધિ તરફ ધ્યાન ખેંચાણું છે અને જિનરાજની ભક્તિમાં સુસ્ત બનેલાને સ્વસ્થ બનાવવામાં આવ્યા છે. આ બધો મુનિ મહારાજના વિહારનો પ્રબળ પ્રતાપ છે.

## ત્રીશમા વર્ષમાં પ્રવેશવાળા લેખમાં સુધારો.

ગયા અંકમાં પૃષ્ટ ૫૪ માં 'સમકિતી જીવ ત્રીજી નરક કરતાં ઉપરની નર્કમાં જઈ શકે નહીં ' એમ લખાયેલ છે પણ સમકિતી છઠ્ઠી નરક સુધી જાય છે. ફક્ત ક્ષાયિક સમકિતવાળા ત્રીજી ઉપરાંત જતા નથી તેથી એટલું સુધારીને વાંચવું.

તેજ પૃષ્ઠમાં અગ્યારમે ગુણઠાણે જે આયુષ્ય પૂર્ણ થાય તો ' સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે ' એમ લખ્યું છે; પરંતુ ઉપશમ શ્રેણી પહેલા ત્રણ સંઘયણવાળા શરૂ કરે છે, એટલે ૧૧ મે ગુણઠાણે કાળ કરે તો સંઘયણ અનુસાર નવમાથી બારમા સુધી દેવલોકમાં, નવે ગ્રૈવેયકમાં અને પાંચે અનુત્તર વિમાનમાં જાય છે. સર્વાર્થસિદ્ધે તો પહેલા સંઘયણવાળો જ જાય છે.

' ચક્રવર્તી ઋદ્ધિ ભોગવતાં કાળ કરે તો સાતમી નરકે જાય છે ' એમ પૃષ્ટ ૫૫ માં લખ્યું છે તે બરાબર છે. પરંતુ ભગવતિસૂત્ર વિગેરેમાં ' ગમે તે નરકમાં જાય ' એમ પણ લખેલ છે.

આ ખુલાસા લક્ષમાં રહેવા માટે લખ્યા છે. તંત્રી.

For Private And Personal Use Only